# ૭૫ મા પ્રજાસત્તાક દિનની આપણી દિવ્યાંગ સંસ્થાઓમાં શાનદાર ઉજવણી



'અંકુર' સંસ્થા



કે.એલ.બહેરાં-મૂંગા શાળા



PNR- નટરાજ કોલેજ




પેઈજ નં. ૫ પર

PNR સો., બે.મૂં. શાળા અને ફોરમની સંસ્થાઓ

# કોશિશ થી કામયાબી

Since 1-8-1974

વિકલાંગોના પુનઃસ્થાપનની પ્રવૃત્તિનું માસિક

૧૫ ફેબ્રુઆરી : ૨૦૨૪, અંક નં. ૧૩૪/૫૦૦

Koshish Thi Kamyabi ◆ RNI No. GUJGUJ/2013/48176 ◆ Postel Reg. No. L2/36/RNP/BVR-414/2022-24◆ Monthly
Date of Publication : 15 February - 24 ◆ Posted at 20th of every month at BHAV.RMS ◆ Subscription Rs. 150 per year (12 Issue) ◆ Total Page : 24

# કે. એલ. તસ્વીર સમાચાર




ફાતિમા કોન્વેન્ટમાં બાળકો સાથે નાતાલની ઉજવણી



જીતુભાઈ (યુ.એસ.એ.) સંસ્થાની મુલાકાતે






...કાળિયાર વેળાવદર પ્રવાસ...



કચ્છ પ્રવાસ



ડૉ. સંતોષભાઈ યાદવનો વિદાય સમારંભ





શાળામાં નાતાલ પર્વની ઉજવણી

# કોશિશથી કામયાબી

**આ અંકમાં ...**


- બહેરાં-મૂંગા શાળા તસ્વીર સમાચાર............૦૨
- INDEX...............................૦૩
- CONTENTS AT A GLANCE ......૦૪
- 'અંકુર' શાળામાં પ્રજાસત્તાક દિનની ઉજવણી.....૦૫
- શ્રી શાહ ખી.લ.બહેરાં-મૂંગા શાળામાં પ્ર.દિ.ઉ....૦૫
- PNR સોસાયટીમાં પ્રજાસત્તાક દિનની ઉજવણી.૦૫
- PNR સોસાયટીની ટ્રસ્ટી મંડળની મિટીંગ.......૦૬
- નટરાજ સી. પી. બાળકોની શાળા............૦૭
- શ્રધ્ધાંજલિ..... ...........................૦૮
- કે. એન. શાહ 'હાઈટેક' ઈન્કલુઝિવ સ્કૂલ .......૦૯
- દિશા કમ વિકાસ પ્રોજેક્ટ.....................૧૧
- પી.એન.આર. હોસ્પિટલ ....................૧૨
- સંસ્થામાં સેવારત ડૉક્ટરશ્રીઓ................૧૨
- પ્રવીણચંદ્ર દલાલ ડિસેબિલિટી પ્રિવેન્શન સેન્ટર....૧૩
- અંબા સી. પી. હોસ્ટેલ......................૧૩
- શ્રી શાહ ખી.લ. બહેરાં-મૂંગા શાળા (પ્રા. વિ.)....૧૪
- શ્રી શાહ ખી.લ.બહેરાં-મૂંગા શાળા મહેતા છા...૧૬
- શ્રીમતી પી.આર. વાધર સાધન સહાય વર્કશોપ...૧૬
- શેઠશ્રી વી. સી. લોઢાવાળા હોસ્પિટલ............૧૭
- 'અંકુર' મંદબુદ્ધિવાળા બાળકોની શાળા..........૧૮
- ડી.કે. અજમેરા ફાઉન્ડેશન તથા ભાનુવાડી સેન્ટર..૧૯
- એ.ટી. એન્ડ ટી. ટેકનોલોજી ઈન્સ્ટિટ્યુટ.......૧૯
- તસ્વીર સમાચાર ...........................૨૦
- ડોનેશન લિસ્ટ..............................૨૧
- ઉમદા ઉદ્દેશ સાથે સમાજ સેવા.................૨૨
- PNR સોસાયટી દ્વારા સન્માન-સાધન સહાય સમારોહ..................................૨૨
- PNR તસ્વીર સમાચાર.....................૨૩


**પ્રિય વાચક મિત્રો,**

**'કોશિશ થી કામયાબી'** મેગેઝિન આપના હાથમાં મૂકતાં આનંદની લાગણી અનુભવું છું.

## પ્રજાસત્તાક દિનની ઉજવણી

''દે સલામી ઈસ તિરંગે કો,  
જિસમેં તેરી શાન હૈ,  
સર હંમેશા ઈસકા ઉંચા રખના,  
જબ તક દિલમેં જાન હૈ.''

સ્વતંત્ર ભારતના ૭૫ મા પ્રજાસત્તાક દિનની ઉજવણી સમગ્ર રાષ્ટ્રની સાથે, આપણી ભાવનગરની PNR અને સંલગ્નિત સંસ્થાઓમાં ગૌરવપૂર્ણ રીતે કરવામાં આવી હતી. વિવિધ સંસ્થાઓમાં ધ્વજવંદનનો કાર્યક્રમ જે-તે મહાનુભાવોના વરદ હસ્તે આન-બાન અને શાનથી ઉજવવામાં આવ્યો. આ પ્રસંગે દિવ્યાંગોએ પણ તેઓ સમાજ-રાષ્ટ્રનો ભાગ છે, તેવી દેશ પ્રેમની ઉમદા ભાવના સાથે રાષ્ટ્ર ધ્વજને સલામી આપી હતી.

દરેક સંસ્થાઓમાં દિવ્યાંગોએ દેશપ્રેમથી છલકાતા ગીતો, સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કર્યા અને વિવિધ સ્પર્ધાઓના વિજેતાઓને ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે ઈનામ વિતરણ પણ કરાયું હતું.

મિત્રો, આપણો દેશ ૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ માં સ્વતંત્ર થયો, પરંતુ આપણું કાયમી બંધારણ ન હતું. તેથી ૨૯ ઓગસ્ટ, ૧૯૪૭ માં કાયમી બંધારણની રચના માટે ડૉ. આંબેડકરના અધ્યક્ષ સ્થાને મુસદ્દો તૈયાર કરી, ૩૦૮ સભ્યોની બંધારણ સભા દ્વારા લાંબો વિચાર-વિમર્શ અને સુધારાઓ પછી **ભારતનું બંધારણ** દેશ માટે કાયદાનું સ્વરૂપ બન્યું અને તે ૨૬ જાન્યુઆરી, ૧૯૫૦થી અમલમાં આવ્યું. તેથી તે દિવસની યાદમાં આપણે આ દિવસ ઉજવણી છેલ્લાં ૭૫ વર્ષથી કરી રહ્યાં છીએ.

'મનમાં સ્વતંત્રતા અને હૃદયમાં વિશ્વાસ સાથે ચાલો આપણે સૌ પ્રજાસત્તાક દિન પર રાષ્ટ્રને સલામ કરીએ.'

✍ **કિરીટ રાઠોડ**

**'ટેકનોલોજી સામાન્ય માણસના જીવનમાં સરળતા લાવે છે. દિવ્યાંગોના જીવનમાં અશક્યતાઓને શક્યતાઓમાં બદલે છે.'** ✍ **શેરોન પ્લાન્ટે**


**Koshish Thi Kamyabi**  
RNI No. GUJGUJ/2013/48176  
Postel Reg. No. L2/36/RNP/  
BVR-414/ 2022-24, Monthly

- **અંક નં. : ૧૩૧/૪૯૭**  
**૧૫ ફેબ્રુઆરી - ૨૦૨૪**
- **પ્રકાશક : શ્રી ખી. લ. બહેરાંઓની સંસ્થા**  
૫૧, વિદ્યાનગર, ભાવનગર-૩૬૪ ૦૦૨.  
ફોન: (૦૨૭૮) ૨૪૨૯૩૨૬, ૨૪૨૦૮૩૬  
મો.: ૯૪૯૯૬૬૧૬૯૪/૯૪૯૯૫૫૭૯૭૭  
E-mail : info@pnrsociety.org  
klinstitute.deaf@gmail.com  
Visit us : www.pnrsociety.org  
www.klinstitutedeaf.org

- તંત્રી  
**અનંત કે. શાહ**
- સહતંત્રી  
**અશ્વિન પંડ્યા**  
**કિરીટ રાઠોડ**
- પ્રિન્ટિંગ  
વંશિકા ફોમ્સ, ભાવનગર
- 'કોશિશ થી કામયાબી' લવાજમ  
**આજીવન રૂ. ૨૫૦૦, વાર્ષિક રૂ. ૧૫૦**
- **ચેક ''શ્રી ખી. લ. બહેરાં મૂંગા શાળા, ભાવનગર''ના નામનો આપવા વિનંતી.**

- ગ્રાફિક્સ એન્ડ ડિઝાઈન  
વંશિકા ફોમ્સ, ભાવનગર
- સંપાદક મંડળ  
**ફાલ્ગુની ખાટસુરિયા**  
**ગજાનંદ ભટ્ટ**  
**જ્યોતિ ભટ્ટી**  
**આરિફ જેઠવા**  
**પારસ શાહ**  
**ભરત કનાડા**  
**રાજેશભાઈ હકાણી**




**જાહેરાતના દર : (મેગેઝિન સાઈઝ - A4)**

| | | |
|---|---|---|
| બીજું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ત્રીજું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ચોથું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ફુલ પેજ - સિંગલ કલર | : | રૂ. ૫૦૦૦ |
| હાફ પેજ - સિંગલ કલર | : | રૂ. ૨૫૦૦ |
| ક્વાટર પેજ - સિંગલ કલર | : | રૂ. ૧૫૦૦ |




# CONTENTS AT A GLANCE

K. D. PADIA



### ◈ Meeting of Board of Trustees of PNR Society

The Board of Trustees, Bhavnagar and Mumbai-based, met on 8th January 2024 in the Conference Room of Nataraj Campus under the presidentship of Mumbai-based Trustee Shri Krishnakantbhai Chitalia in the afternoon. A silent tribute was paid to voluntary workers who took heavenly abode during previous year to begin with. Then minutes of the Last Meeting of the Board of Trustees Meeting were confirmed. This was followed by discussion on adding Vice President and other necessary changes in the Articles of Association and were adopted unanimously. Trustee and Secretary General Shri Parasbhai Shah described activities and accomplishments of the Institute during last year with the help of power-point presentation. Hon. Treasurer and Trustee Shri Harshkant Rakhashia furnished detailed accounts of Annual Budget of the Institute. The meeting highlights have been the discourse of Shri Kishorbhai Shah, C.A. in which he dealt with “Important Provisions of Income Tax Act and Duties of Trustees', as also presentations of Shri Labhubhai Sonani, General Secretary of K. K. School and Home for the Blind; Secretary Shri Ashwinbhai Pandya on K. L. Institute for the Deaf and Secretary Shri Alpeshbhai Sheth on 'Ankur' Special School for Mentally Retarded Children.

More than 10 lakhs worth Aids were gifted to 562 Disabled at the hands of Trustees in the morning of 8th January, 2024. Three employees were felicitated for their excellent services.

### ◈ C. P. School's Excellence

The Nataraj Cerebral Palsy School excelled by organizing tour to 'Gram Vihar Resort', 25km away, of its wards; Vocational Seminar in which its wards were trained in making perfumes, incent sticks and Dhoop; participation in Rajani Art Foundation, Christmas Celebration and Parents Meeting.

### ◈ K.L.I.D. in Lime-Light

The K. L. Institute for the Deaf (KLID) by organizing Workshop at Velavadar – Blackbuck Sanctuary in the lap of nature for their 50 wards of Std. 6 & 7; Celebration of Republic Day, Christmas, Gandhi Nirvan Din, its arm P. R. Vadhar Artificial Limb Center's providing 193 aids and appliances (193) to 144 beneficiaries and honorary doctorate to Ashwin Pandya, Secretary of the KLID have been important activities besides regular teaching.

### ◈ K. N. Shah High-Tech Inclusive School

Besides normal teaching in classes from Nursery to Std. XIIth the school organised Rangoli Competition, Surya Namaskar Competition, Vocational Workshop, Celebration of 'Consumer Week', distribution of aids to special children, Hasya Therapy, Kite festival and Celebration of Swamy Vivekanand Jayanti as a part of extra-curricular activities.

### ◈ Other Activities

Vocational Activity, Local Project Meeting, Prevocational Workshop and Celebration of Birth Day of Lois Braille; Disha Cum Vikaas project Free or at charitable rates 2181 medical services to 1890 patients of Sheth Shri V. C. Lodhawala Hospital; Free and at charitable rates medical services to 4734 patients of PNR Special Hospital; Ankur School's celebration of 31st December 2023, taking wards to Circus, Kite distribution and participation in Awareness, Exhibition cum sale; AT&T Technology Institute's handing over of laptops to disabled youth at the hands of USA-based donor Shri Prafulbhai Shah and Library's special services to special children; Success Stories and important news find place in this issue.

## 'અંકુર' શાળામાં પ્રજાસત્તાક દિનની ઉજવણી

૨૬મી જાન્યુઆરી, ૭૫ મા **ગણતંત્ર દિવસની 'અંકુર' શાળામાં ઉજવણી** કરવામાં આવી હતી. મહેમાન શ્રી હસમુખભાઈ વિરડીયા (ચેરમેન, શ્રી આવડ કૃપા પ્લાસ્ટો મેક્સ પ્રા.લિ.), શ્રી રમેશભાઈ શાહ તથા શ્રી વસુબેન શાહ (મધુસિલિકા), તેમજ શાળાના ટ્રસ્ટીશ્રીઓ, મહેમાનોની ઉપસ્થિતિમાં ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ શ્રીમતી અનસુયાબેન બારડ અને શ્રેષ્ઠ કર્મચારી એવોર્ડ શ્રી નરેશભાઈ ચૌહાણને આપવામાં આવેલ તથા શ્રેષ્ઠ વાલીનો એવોર્ડ કાળવાતર સજાદના વાલી અબ્દુલભાઈને આપવામાં આવેલ. યુનિફાઈડ રમત માટે અંકુર સંસ્થાને સ્પેશિયલ ઓલિમ્પિક તરફથી શ્રી તુષારભાઈ જોગલેકરના હસ્તે સર્ટિફીકેટ આપવામાં આવેલ. તેમજ બાળકોને ધોરણ પ્રમાણે અલગ-અલગ રમતો રમાડવામાં આવેલ અને બાળકોને પ્રથમ, દ્વિતીય અને તૃતિય ક્રમાંક આપી મહેમાનશ્રીના હસ્તે ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યાં. શાળાના શિક્ષકો દ્વારા બાળકોને રમત-ગમત માટે તૈયાર કરવામાં આવેલ. કાર્યક્રમનું સંચાલન શ્રી ક્રિષ્નાબેન, ધ્વજવંદન વિધિ શ્રી જયપાલસિંહ ગોહિલ, રમત-ગમતનું સંચાલન શ્રી પારસભાઈ પરમારે કરેલ. કાર્યક્રમની આભારવિધિ શ્રી હિનાબેન ગળથરીયાએ કરેલ. સમગ્ર કાર્યક્રમનું સંકલન શાળાના આચાર્ય શ્રી મેઘજીખાન કે. સાયબાણીએ કરેલ.

## શ્રી શાહ ખી.લ.બહેરાં-મૂંગા શાળામાં ૭૫ મા પ્રજાસત્તાક દિનની ઉજવણી

શ્રી શાહ ખી.લ. બહેરાં-મૂંગા શાળામાં, પ્રજાસત્તાક પર્વની ભવ્ય ઉજવણી શાળાના પ્રાથમિક, માધ્યમિક અને કોલેજ ત્રણે વિભાગના સંયુકત ઉપક્રમે શાળાના પટાંગણમાં યોજાય હતી. આ અંતર્ગત રમત શિક્ષકના માર્ગદર્શન હેઠળ ધો. ૧૨ ની વિદ્યાર્થીની કાજલ ઢાપાના નેતૃત્વથી અતિથિ વિશેષ શ્રી અનિલભાઈ પંડયાના વરદ હસ્તે રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવેલ. આ પ્રસંગે સંસ્થાના માનદ મંત્રી શ્રી અશ્વિનભાઈ પંડયા તેમજ અન્ય ટ્રસ્ટીગણની હાજરી પ્રોત્સાહક રહેલ. આ દિવસે શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષકો દ્વારા વિવિધ કાર્યક્રમો જેવા કે, રમત-ગમત તથા સાંસ્કૃતિક કૃતિઓ રજૂ થયેલ. શ્રી સમીરભાઈ શાહ તરફથી તમામ બાળકો તથા સ્ટાફ માટે અલ્પાહારની વ્યવસ્થા કરવામાં આવેલ. સમગ્ર કાર્યક્રમની ઉદ્ઘોષણા પ્રાથમિક વિભાગના શિક્ષક શ્રી વૈશાલીબેને કરેલ. તેમજ કાર્યક્રમની આભારવિધિ શ્રી શૈલેષભાઈ દવેએ કરી હતી.

## PNR સોસાયટીમાં પ્રજાસત્તાક દિનની ઉજવણી

PNR સોસાયટી ભાવનગર સંચાલિત, નટરાજ કોલેજના પરિસરમાં સ્વતંત્ર ભારતના **૭૫ મા પ્રજાસત્તાક દિન**ની ગૌરવપૂર્ણ ઉજવણી કરવામાં આવી હતી.

માનદ મંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડના સ્વાગત પ્રવચન બાદ, પરેડ કમાન્ડર શ્રી લાલજીભાઈ પંડયાએ સમારંભના અધ્યક્ષ શ્રી પ્રદીપભાઈ ભટ્ટ (ટ્રસ્ટીશ્રી, PNR સોસાયટી)ના વરદ હસ્તે સલામી અને રાષ્ટ્રગીત સાથે ધ્વજવંદન કરાવ્યું હતું. ત્યારબાદ શ્રી પ્રદીપભાઈએ પ્રજાસત્તાક દિનનું મહત્વ સમજાવતું વકતવ્ય આપ્યું હતું.

દિવ્યાંગ તથા સમધારણ બાળકોએ આ પ્રસંગે યોજાયેલા સાંસ્કૃતિક કાર્યક્રમમાં ગાંધીજી વિશે વકતવ્ય અને દેશભક્તિ ગીતો રજૂ કર્યા અને પધારેલ મહાનુભાવો દ્વારા વિવિધ સ્પર્ધાઓના વિજેતાઓને ઈનામ તથા કીટ વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે તમામ બાળકોને નાસ્તો દાતાશ્રી શાંતાબેન હર્ષદભાઈ શાહ (હસ્તે શ્રી સમીરભાઈ શાહ) તરફથી આપવામાં આવેલ હતો.

આ પ્રસંગે સંસ્થાના સેક્રેટરી જનરલ શ્રી પારસભાઈ શાહ, શ્રી રેખાબેન ભટ્ટ, શ્રી અંબિકાબેન ટેકરીવાલ, સી.પી. સ્કૂલ તથા કે.એન.શાહ હાઈટેક ઈન્કિલુઝિવ સ્કૂલના તમામ વિદ્યાર્થીઓ, શિક્ષકો, કર્મચારીઓ, આચાર્યશ્રીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. આ પ્રસંગે શ્રી પ્રદીપભાઈ ભટ્ટે રૂા. ૫૦૦૦/- સી.પી. વેલ્ફેર ફંડમાં આપ્યાં હતાં.

કાર્યક્રમનું સંચાલન વિ. શિ. શ્રી વિભૂતિબેન વ્યાસે તથા આભારવિધિ નટરાજ સી.પી. સ્કૂલના આચાર્ય શ્રી જીજ્ઞાબેન સોલંકી દ્વારા કરવામાં આવી હતી.

# PNR સોસાયટીની ટ્રસ્ટી મંડળની મિટીંગ



✍ કિરીટ રાઠોડ

તા. ૮-૧ ના રોજ PNR સોસાયટીના મુંબઈ તથા ભાવનગરના સમગ્ર ટ્રસ્ટી મંડળની એક અગત્યની મિટીંગ કોન્ફરન્સ હોલ, નટરાજ કોલેજ, ભાવનગર ખાતે રાખવામાં આવેલ હતી. આ મિટીંગના અધ્યક્ષ સ્થાને સંસ્થાના પ્રમુખ શ્રી કૃષ્ણકાંતભાઈ ચિત્તલિયાની વરણી કરવામાં આવી હતી.

મિટીંગની શરુઆતમાં ગત વર્ષમાં અવસાન પામેલ કાર્યકર્તાઓને બે મિનીટ મૌન પાળી શ્રધ્ધાંજલિ અપાય હતી. ત્યાર બાદ ગત તા. ૩-૯-૨૩ ની ટ્રસ્ટી મંડળની મિટીંગની કાર્યનોંધને સર્વાનુમતે બહાલી અપાય હતી.

ત્યારબાદ આર્ટિકલ ઓફ એસોસિએશનના વિવિધ નિયમોમાં સુધારા-વધારા અને ઉપ પ્રમુખની કલમ ઉમેરવા બાબત ચર્ચા કરી સર્વાનુમતે મંજુરી અપાય હતી. ચાલુ વર્ષના નવ મહિના દરમ્યાન થયેલ સંસ્થાની કામગીરીનો અહેવાલ સેક્રેટરી જનરલ શ્રી પારસભાઈએ, તથા સંસ્થાની આવક-જાવક અને બજેટ અંગેની વિસ્તૃત માહિતી શ્રી હર્ષકાંતભાઈ રાખશિયાએ આપી હતી. ટ્રસ્ટીશ્રીઓએ પૂછેલા પ્રશ્નોની વિગતવાર ચર્ચા સાથે, માહિતી આપવામાં આવી હતી.

આ ટ્રસ્ટી મંડળની મિટીંગમાં મુંબઈથી પ્રમુખશ્રી કૃષ્ણકાંતભાઈ ચિત્તલિયા, વાઈસ ચેરમેન શ્રી વામનભાઈ પારેખ તથા શ્રી પ્રકાશભાઈ દેસાઈ, શ્રી કીર્તિભાઈ સંઘવી, શ્રી હરેનભાઈ સંઘવી, શ્રી હિતેનભાઈ દલાલ, શ્રી જીતુભાઈ મહેતા વિગેરે તથા ભાવનગરથી સંસ્થાના ફાઉન્ડર શ્રી બાબાભાઈ, માનદ મંત્રી કિરીટભાઈ રાઠોડ, સહમંત્રી શ્રી ધીરુભાઈ ધંધુકિયા, શ્રી ગિરીશભાઈ શાહ, શ્રી અશ્વિનભાઈ પંડયા, શ્રી મહાસુખભાઈ જકડિયા, શ્રી પ્રદીપભાઈ ભટ્ટ, શ્રી રાજેશભાઈ હકાણી વિગેરે ઉપસ્થિત રહ્યાં હતાં.

## સંસ્થાઓની પ્રેઝન્ટ એકિટવિટીઝ એન્ડ ફયુચર પ્લાનિંગ અંગે મિટીંગ

મુંબઈથી પધારેલા સર્વે હોદ્દેદારો તથા ટ્રસ્ટીશ્રીઓએ આપણી વિવિધ સંસ્થાઓમાં હાલ ચાલતા કાર્યક્રમો-પ્રવૃત્તિઓ-આર્થિક સધ્ધરતા અને ભવિષ્યના પ્લાનો વિશે વિસ્તૃત જાણકારી મેળવવા ઈચ્છતા હતાં. તેથી તા.૭-૧ ના રોજ તમામ સંસ્થાઓના ટ્રસ્ટીશ્રીઓ-હોદ્દેદારોની એક સંયુકત મિટીંગ રાખવામાં આવેલ. જેમાં ઉપરોકત વિષયના અનુસંધાને જનરલ સેક્રેટરી શ્રી લાભુભાઈ સોનાણીએ શ્રી કે.કે. બ્લાઈન્ડ સ્કૂલ વિષે; માનદ મંત્રી શ્રી અશ્વિનભાઈ પંડયાએ શ્રી ખી.લ.બહેરાં-મૂંગા શાળા વિષે; માનદ મંત્રી શ્રી અલ્પેશભાઈ શેઠે 'અંકુર' સંસ્થા વિષે અને સેક્રેટરી જનરલ શ્રી પારસભાઈ શાહે PNR ના વિવિધ પ્રોજેકટોની વિસ્તૃત માહિતી આપી હતી.

## શ્રી કિશોરભાઈ શાહ (C.A.) નું વકતવ્ય



કિશોર શાહ

તા. ૭-૧ ના રોજ PNR અને સંલગ્નિત તમામ સંસ્થાઓની મળેલી મિટીંગમાં ભાવનગરની ખૂબ જ પ્રસિધ્ધ પી.જી. હેમાણી એન્ડ કું. ના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ શ્રી કિશોરભાઈ શાહે હાલમાં ઈન્કમટેક્ષ ક્ષેત્રમાં થયેલા નવા સુધારાઓ વિશે ''ઈન્કમટેક્ષની અગત્યની જોગવાઈઓ સંદર્ભે ટ્રસ્ટીઓની ફરજ'' તેઓએ સરળ ભાષામાં વિસ્તૃત માહિતી આપી હતી. જેમાં અન્ય ટ્રસ્ટને આપેલ દાન, રીટર્ન મોડું ભરાયતો ?, નવા દાખલ કરવામાં આવેલ 10B અને 10BB ના ફોર્મ, રોકડનું પેમેન્ટ કેટલુ હોવું જોઈએ ? TDS, કમિશ્નરમાં ફેરફાર રિપોર્ટ વિગેરે અંગે વિધ્વતા અને દક્ષતા પૂર્ણ સમજાવી ઉપસ્થિત સભ્યોના પ્રશ્નોના વિસ્તૃત જવાબો આપ્યાં હતાં. આ પ્રસંગે તેઓએ દરેક ટ્રસ્ટીશ્રીઓને ઉપરોકત વિષયની તેઓએ લખેલી પુસ્તિકા વિસ્તૃત અભ્યાસ માટે ભેટ આપી હતી.





# નટરાજ મગજના લકવાગ્રસ્ત (સેરિબ્રલ પાલ્સી) બાળકોની શાળા



વિભૂતિ વ્યાસ

**ગ્રામ વિહાર રિસોર્ટ પ્રવાસ :**



ભાવનગરથી ૨૫ કિલોમીટરના અંતરે આવેલું ગ્રામ વિહાર રિસોર્ટ / ગામઠી રિસોર્ટ ઘોઘા રોડ ખાતે તા. ૧૦-૧ ના રોજ શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવેલ. આ રિસોર્ટની મુખ્ય ખાસિયત એ હતી કે ઝડપથી વિકસતા આધુનિક યુગમાં લુપ્ત થતી જતી ગ્રામિણ સંસ્કૃતિની ઝાંખી કરાવતું હતું. ગ્રામિણ લોકોની રહેણી-કહેણી, રોજીંદા વપરાશના સાધનો, ખેતીમાં વપરાતા સાધનોને જીવંત દર્શાવતું, સાથે ગ્રામિણમાં વસતા લોકોનો પહેરવેશ (પોશાક) વગેરેને સ્પર્શ અને પ્રેક્ટિકલ અનુભવથી બાળકોએ જ્ઞાન સાથે ગમ્મતનો આહ્લાદક અનુભવ કરેલ.

ત્યાંની સ્પેશ્યાલિટી મુજબ ગ્રામિણ વાતાવરણની અનુભુતિ કરાવતું નૈસર્ગિક વાતાવરણના સાનિધ્યમાં વસ્તુઓનું પ્રત્યક્ષ નિરીક્ષણ સાથે કઠપુતળીનો ખેલ, જાદુગરનો ખેલ તથા પોટરી શો નો આનંદ માણેલ, સાથે ડી.જે. પાર્ટીની ધૂમતો ખરી જ !

બપોરના ભોજન બાદ સંગીત ખુરશી, અંતાક્ષરી, રસ્સી ખેંચ જેવી વિવિધ રમતોથી બાળકો આનંદિત થયા હતાં. ત્યારબાદ દરિયા કિનારે અને ભારતભરમાં પ્રખ્યાત રો-રો ફેરી સર્વિસની પણ મુલાકાત લીધી. ત્યાં પ્રત્યક્ષ શિપ જોઈ બાળકો મંત્રમુગ્ધ બન્યાં હતાં.

આ શૈક્ષણિક પ્રવાસમાં નટરાજ સી.પી. સ્કૂલ, દિશા કમ વિકાસ પ્રોજેક્ટ, કે.એન.શાહ ઓટિઝમ સ્કૂલ / પ્રોજેક્ટ, સી.પી. સેન્ટર વિદ્યાનગરના કુલ-૯૦, બાળકો-૬૦, સ્ટાફ-૮, અને વાલીગણ-૮ કેરટેકર એમ કુલ-૧૫૮ વ્યક્તિઓએ પ્રવાસનો આનંદ મેળવેલ.

આ પ્રવાસનું આયોજન સ્કૂલના ઈન્ચાર્જ પ્રિન્સિપાલ શ્રી જીજ્ઞાબેન સોલંકીના માર્ગદર્શન હેઠળ શ્રી જયોતિબેન પરમાર તથા શ્રી કાર્તિકભાઈ વ્યાસ દ્વારા કરવામાં આવ્યું હતું.

**વોકેશનલ સેમિનાર :**

તા. ૧૯/૨૦ ડિસેમ્બર'૨૩ના રોજ બે દિવસીય પ્રિ-વોકેશનલ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતુ. જેમાં મુખ્ય દાતાશ્રી શ્રીમતી જયશ્રીબેન સંઘવી તથા તેમના ફેકલ્ટી મેમ્બર્સ જયશ્રીબેન ઠક્કર, મેઘનાબેન શાહ, તાથા નાઝીમાબેન યાકુબ દ્વારા કેન્ડલ મેકિંગ, પરફ્યુમ મેકિંગ અને અગરબતી તથા ધૂપ મેકિંગ જેવી વિવિધ પ્રોડકટ બનાવવાની તાલીમ આપેલ. આ સમગ્ર વર્કશોપનું આયોજન શ્રીમતી જીજ્ઞાબેન સોલંકીના માર્ગદર્શન હેઠળ શ્રી તૃપ્તિબેન મહેતા દ્વારા કરવામાં આવ્યું હતું.

**ચિત્ર પ્રદર્શન :**

તા. ૧૬ ડિસે.ના રોજ ખોડિદાસ પરમાર આર્ટ ગેલેરી ખાતે ભાવનગરના પ્રખ્યાત ચિત્રકાર શ્રી તરૂણભાઈ કોઠારીના ચિત્ર પ્રદર્શન ''કૃતિ પ્રકૃતિ''શીર્ષક હેઠળ આયોજન કરવામાં આવેલ. જેને નિહાળવા માટે નટરાજ સી.પી. સ્કૂલ, કે.એન.શાહ આટિઝમ સ્કૂલ, દિશા કમ વિકાસ પ્રોજેકટના કુલ ૭ બાળકોને લઈ જવામાં આવ્યાં હતાં. આ પ્રદર્શન નિહાળવાનું આયોજન શ્રી જીજ્ઞાબેન સોલંકીનાં માર્ગદર્શન હેઠળ શ્રી તૃપ્તિબેન મહેતાએ કરેલ.

**ક્રિસમસ ઉજવણી :**

તા. ૨૩ ડિસેમ્બર'૨૩ના રોજ ક્રિસમસની ઉજવણી, સંસ્થાના સેક્રેટરી જનરલ શ્રી પારસભાઈ શાહ, માનદમંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડ, શ્રી ઈલાબેન શાહ તથા અર્હમ ગ્રૂપના સભ્યોની ઉપસ્થિતીમાં ઉત્સાહભેર કરવમાં આવેલ. જેમાં નાના ભૂલકાઓએ સાંતાકલોઝ બની, ''જીંગલ બેલ... જીંગલ બેલ...'' અભિનયગીત રજુ કર્યુ. ધો-૮નો વિધાર્થી કૃનાલ આહિર દ્વારા ક્રિસમસ શા માટે ઉજવવમાં આવે છે? તેના ભાગ રૂપે ક્રિસમસની વાર્તા/ઈતિહાસ રજૂ કરેલ. બાળકો માટે એક મિનીટની ગેમ્સનું આયોજન કરવામાં આવેલ. જેમાં લીંબુ ચમચી,સંગીત ખુરશી,પાસીંગ ધ બોલની રમત રમાડવામાં આવેલ અને તેમાં વિજેતા વિદ્યાર્થીઓને પ્રોત્સાહન ઈનામ પણ આપવામાં આવેલ. અર્હમ ગૃપનાં સભ્યો દ્વારા પણ બાળકોને વિવિધ ગેમ્સ રમાડવામાં આવેલ.સાથે સંસ્થાના સેક્રેટરી જનરલશ્રી પારસભાઈ શાહના જન્મ દિવસની ઉજવણી સ્પેશ્યલ રવા કેક, શ્રી જીજ્ઞાબેનની ઈનોવેટીવ આઈટમ, વોકેશનલ વિભાગની ભેટ હતી. કાર્યક્રમના અંતે અર્હમ ગૃપ તરફથી બાળકોને ગરમ નાસ્તો કરાવવામાં આવ્યો હતો. આ

કાર્યક્રમનું સંચાલન શ્રી જીજ્ઞાબેન સોલંકીના માર્ગદર્શન હેઠળ શ્રી ખેવનાબેન ઓઝા અને આભાર વિધી શ્રી તૃપ્તિબેન મહેતાએ કરી હતી.

**વાલી મિટીંગ :**

તા. ૩૦ ડિસેમ્બર ૨૩ના રોજ વાલી મિટીંગનું આયોજન કરવામાં આવેલ. જેમાં આગામી સત્ર આયોજન, ગ્રામ વિહાર ગામઠી રિસોર્ટ ખાતે એક દિવસીય પ્રવાસ, યુનિફોર્મ, વાહનસહાય, સાધનસહાય, આગામી IQ ટેસ્ટ વિશે માહિતી તથા નિરામયા હેલ્થ પોલિસી અને આગામી વાર્ષિકોત્સવ ઉજવણી વગેરે મુદ્દાઓની ચર્ચા આચાર્યશ્રી જીજ્ઞાબેન સોલંકી દ્વારા કરવામાં આવી હતી.

**રજની આર્ટ ફાઉન્ડેશન - ચિત્ર સ્પર્ધા :**

તા. ૭ જાન્યુઆરી ૨૪ના રોજ શ્રી રજનીભાઈ મેમોરીયલ ફાઉન્ડેશન દ્વારા 'રજની આર્ટ કાર્નિવલ ચિત્ર સ્પર્ધા'નું આયોજન કરવામાં આવેલ. જેના અંતર્ગત નટરાજ સી.પી. સ્કૂલ તથા પ્રોજેક્ટનાં કુલ ૨૪ બાળકોએ ઉત્સાહભેર ભાગ લઈ, પોતાની કલાનું પ્રદર્શન કરેલ, તેમાંથી ઝાડા મેહુલ ગોરધનભાઈએ પ્રથમ ક્રમાંક, તન્મય મકવાણાએ દ્વિતીય ક્રમાંક તથા ચૌહાણ યુવરાજે પ્રોત્સાહિત ઈનામ મેળવી શાળાનું ગૌરવ વધારેલ. આ કાર્યક્રમનું સંચાલન શ્રી તૃપ્તિબેન મહેતા અને શ્રી ગાયત્રીબેન ઝાલા દ્વારા કરવામાં આવ્યું હતું.

**પતંગોત્સવની ઉજવણી :**

તા. ૧૩ જાન્યુ. ના રોજ નટરાજ સી.પી. સ્કૂલ તથા દિશા કમ વિકાસ પ્રોજેકટ, ઓટિઝમ સ્કૂલ તથ સી.પી. સેંટર વિદ્યાનગરના દિવ્યાંગ બાળકોને નિસ્બત ફાઉન્ડેશન દ્વારા પતંગ વિતરણ, શ્રી ભદ્રેશભાઈ જાની તરફથી ચીકી તથા શ્રી ભાવિનભાઈ ભીંગરાડિયા તરફથી ગરમ નાસ્તાનું વિતરણ કરવામાં આવ્યું હતું.



સંસ્થાના ૧૫૦ થી વધુ દિવ્યાંગ લાભાર્થીઓ, સ્ટાફ તથ વાલીઓએ સાથે મળીને પતંગ ઉત્સવની ઉજવણી કરવામાં આવી હતી. જેમા સંસ્થાના સેક્રેટરી જનરલ શ્રી પારસભાઈ શાહ, માનદ મંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડ તથા ટ્રેઝરર શ્રી હર્ષકાંતભાઈ રાખશિયા, ઈન્ચાર્જ પ્રિન્સિપાલ શ્રી જીજ્ઞાબેન સોલંકી વગેરેએ ખાસ ઉપસ્થિત રહી સૌ બાળકોનો ઉત્સાહ વધાર્યો હતો.

**તળાજામાં પતંગોત્સવ :**


પી.એન.આર. સોસાયટી સંચાલિત, તળાજા ખાતે ચાલતા મગજના લકવાગ્રસ્ત, તેમજ મંદબુદ્ધિ દિવ્યાંગ પુનઃવસન કેન્દ્રના બાળકો દ્વારા દર વખતની જેમ આ વખતે પણ અનોખી 'પતંગોત્સવ'ની ઉજવણી કરવામાં આવી હતી. તેમાં બાળકો દ્વારા દિવ્યાંગતાને સ્થાન મળી રહે તેવા સંદેશા, જેમ કે દિવ્યાંગ બાળકો સાથે દરેક ખૂશી, તેમજ પુણ્યતિથિના પ્રસંગે ઉજવી, જન્મદિવસ ઉજવી, દિવ્યાંગ બાળકોમાં રહેલી ખૂબીઓ અંગે, સાથે દિવ્યાંગ બાળકોની સારવાર માટે ચાલી રહેલી સંસ્થાઓને મદદરૂપ થવા સહકાર આપવા, જેવા સંદેશા સાથે પતંગોત્સવની ઉજવણી કરી હતી. બાળકોને શીંગપાક, તલપાક, તેમજ નાસ્તો તથા પતંગ-ફીરકીનું સેન્ટરના પંકજભાઈ કટકિયા (સ્પેશ્યલ એજ્યુકેટર) દ્વારા વિતરણ કરવામાં આવ્યું હતું.

**સંસ્થા પરિવાર નીચેના શુભેચ્છકો, પ્રેરણાસ્રોતોના અવસાન નિમિત્તે શ્રધ્ધાંજલિ પાઠવી, દિવગંતના આત્મશ્રેયાર્થે પ્રાર્થના કરે છે.**



સ્વ. શ્રી સમીરભાઈ શાહ (ઉ.વર્ષ. ૫૧) ધર્મપ્રેમી, સેવાભાવી, નિખાલસ અને પ્રેમાળ વ્યક્તિત્વ ધરાવતા હતાં. તેઓ ટ્રસ્ટી શ્રી મહાસુખભાઈ જકડિયાના જમાઈ હતાં, તેઓનું યુવા વયે અવસાન થતાં PNR અને સંલગ્નિત સંસ્થાઓએ દુઃખની લાગણી અનુભવી છે અને સદ્દગતના આત્માને પરમ શાંતિ પ્રાપ્ત થાય એ જ પ્રભુને પ્રાર્થના.

**ૐ શાંતિ : શાંતિ : શાંતિ :**



સ્વ. લલિતાબેન ચંપકલાલ શાહ (ઉ.વર્ષ. ૯૦) ધર્મપ્રેમી કરૂણાસભર અને સહપરિવારની ભાવના ધરાવનાર મોભી હતાં. તેઓ PNR સોસાયટીના ટ્રસ્ટીશ્રી ગિરીશભાઈ શાહના માતુશ્રી હતાં. સદ્દગતના આત્માને પરમ શાંતિ પ્રાપ્ત થાય એ જ પ્રભુને પ્રાર્થના.


**ૐ શાંતિ : શાંતિ : શાંતિ :**

**વાંચકો લખે છે.**


"આ સંસ્થા PNR સોસાયટીની મુલાકાત લેવાથી આપણા સમાજના શ્રેષ્ઠીઓ અને સેવા આપનાર મહાનુભાવોને વંદન. આ સેવાને કોઈ પહોંચી શકે નહીં. પ્રભુની સાચી સેવા અહીં છે. અમને આ સંસ્થા જોઈને વિચાર કરતાં કરી દીધાં છે. સુંદર હાઈટેક સંસ્થાની મુલાકાત લઈ આનંદ થયો."

**- જે. જે. રાવળ, ખગોળ શાસ્ત્રી, તા. ૨૩-૧-૨૦૨૪**





# કે. એન. શાહ 'હાઈટેક' ઈન્કલુઝિવ સ્કૂલ



ધીરુભાઈ ધંધુકિયા

**રંગોળી સ્પર્ધા :**

સ્કૂલમાં તા. ૧૬-૧૨ ના રોજ મતદાન જાગૃતિ અભિયાન અંતર્ગત **રંગોળી સ્પર્ધા**નું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં ધો. ૧ થી ૮ ના તમામ વિદ્યાર્થીઓ દ્વારા 'Vote For India', 'મતદાન મારો હક' 'સૌનો સાથ મતદાન મારો અધિકાર' જેવા સૂત્રો લખીને સુંદર અને કલાત્મક રંગોળીઓ બનાવવામાં આવી હતી. ત્યારબાદ શાળાના આચાર્યશ્રીએ વિદ્યાર્થીઓએ બનાવેલ રંગોળીને નિહાળીને પ્રોત્સાહિત કર્યા, તેમજ મતદાન જાગૃતિ વિશે માર્ગદર્શન પણ આપ્યું હતું. રંગોળી સ્પર્ધામાં ઉત્તમ દેખાવ કરનારને પ્રથમ ત્રણ ક્રમાંક પણ આપવામાં આવ્યા હતા. આ પ્રવૃત્તિનો હેતુ લોકોમાં મતદાન પ્રત્યે જાગૃત્તિ આવે અને મત આપવા માટે પ્રેરાય તે માટેનો હતો. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન શાળાના આચાર્યશ્રી હિતેનકુમાર પંડયાના માર્ગદર્શન હેઠળ શિક્ષક શ્રી દક્ષાબેન પંડયા, ઋષિતાબેન લલુવાડિયા અને તેજસ્વિનીબા ગોહિલ દ્વારા કરવામાં આવ્યું હતું.

**સૂર્ય નમસ્કાર સ્પર્ધા :**

સ્કૂલમાં તા. ૧૯-૧૨ ના રોજ ભારતના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ ચાલી રહેલ **ફિટ ઈન્ડિયા પ્રોગ્રામ** અંતર્ગત ગુજરાત રાજય યોગ બોર્ડ, ગાંધીનગર દ્વારા યોજાયેલ **સૂર્ય નમસ્કાર સ્પર્ધા** ૨૦૨૩-૨૪મા, શાળામાં અભ્યાસ કરતા ધો. ૪ થી ૧૦ ના કુલ ૩૧ વિદ્યાર્થીઓએ સ્પોર્ટસ કોમ્પલેક્ષ, ભાવનગર ખાતે યોજાયેલ સ્પર્ધામાં ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો, તેમજ વિવિધ આસનો રજૂ કર્યા હતા. તદુપરાંત યોગાસનનું આપણા જીવનમાં રહેલ મહત્વ પણ સારી રીતે સમજયા હતા. ટેકનોલોજીએ આપણી શારીરિક ક્ષમતામાં ઘટાડો કર્યો છે અને આપણી રોજિંદી સ્વસ્થ ટેવો આપણી પાસેથી ઝૂંટવી લીધી છે. સમયની સાથે-સાથે આપણા સમાજમાં ફિટનેસની પ્રાથમિકતામાં ઘટાડો થઈ રહ્યો છે, તે ધ્યાને લઈ દરેક વિદ્યાર્થીએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન શાળાના આચાર્ય શ્રી હિતેનકુમાર પંડયાના માર્ગદર્શન હેઠળ રાજુભાઈ અને વિવેકભાઈ દ્વારા કરવામાં આવ્યું હતું.

**વોકેશનલ વર્કશોપ :**

સ્કૂલમાં તા. ૧૯ અને ૨૦-૧૨ ના રોજ **વોકેશનલ વર્કશોપ** અંતર્ગત વર્કશોપ આયોજન કરવામાં આવ્યું હતું. તા. ૧૯ ના રોજ મેઘનાબેન શાહ અને જયશ્રીબેન સંઘવી દ્વારા કેન્ડલ મેકિંગ, અગરબત્તી અને અત્તર બનાવવાનું શીખવ્યું હતું. જેમાં અલગ-અલગ પ્રકારે અને આકારમાં કેન્ડલ બનાવતા શીખવ્યું. તેમાં શાળામાંથી શ્રી નિકિતાબેન અને શ્રી ઋષિતાબેને આ વર્કશોપમાં ભાગ લીધો હતો અને કેન્ડલ, અગરબત્તી તેમજ અત્તર કઈ રીતે બનાવવું તેની માહિતી મેળવી અને બનાવ્યું હતું. ત્યારબાદ બીજા દિવસે તા. ૨૦ ના રોજ શ્રી જયશ્રીબેન સંઘવી દ્વારા જ સાબુ અને ચોકલેટ બનાવતા શીખવ્યું હતું. આ બે દિવસીય વર્કશોપમાં આપણી સંસ્થાના સેક્રેટરી જનરલ શ્રી પારસભાઈ શાહ, શાળાના આચાર્યશ્રી હિતેનકુમાર પંડયા, સી.પી. સ્કૂલના આચાર્યશ્રી જીજ્ઞાબેન સોલંકી, તેમજ હાઈટેક અને સી.પી. સ્કૂલના શિક્ષકો હાજર રહ્યાં હતાં.

**ચિત્ર સ્પર્ધા :**



સ્કૂલમાં તા. ૨૧-૧૨ ના રોજ **'રાષ્ટ્રિય ગ્રાહક અધિકાર સપ્તાહ'**ની ઉજવણી અંતર્ગત ચિત્ર સ્પર્ધા નું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં ધો. ૫ થી ૮ ના તમામ વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉત્સાહભેર ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ 'જાગો ગ્રાહક જાગો', 'Comsumer Protection, Consumer Rightse', જેવા સુંદર સૂત્રો દ્વારા ગ્રાહક જાગૃત થાય તે માટે ચિત્રો દોર્યા હતાં. તેમાંથી સુંદર અને આકર્ષક ચિત્ર દોરનારને પ્રથમ ત્રણ ક્રમાંક આપી પ્રોત્સાહિત પણ કરવામાં આવ્યાં હતાં. વિદ્યાર્થીઓને ગ્રાહકના હકો, ફરજો અને અધિકારો વિશે અવગત કરવામાં આવ્યાં હતાં.

**'રાષ્ટ્રિય ગ્રાહક અધિકાર સપ્તાહ'ની ઉજવણી :**

સ્કૂલમાં **'રાષ્ટ્રિય ગ્રાહક અધિકાર સપ્તાહ'**ની ઉજવણી અંતર્ગત અલગ-અલગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તા. ૨૨-૧૨ ના રોજ **નિબંધ સ્પર્ધા** નું આયોજન અને તા. ૨૩-૧૨ ના રોજ ગ્રાહક જાગૃતિ અંતર્ગત નાટક કરવામાં આવેલ.




જેમાં શાળાના આચાર્યશ્રી તથા શિક્ષકો પણ હાજર રહ્યાં હતાં. શાળાના આચાર્યશ્રી દ્વારા વિદ્યાર્થીઓને ગ્રાહક જાગૃતિ વિશે વિશેષ માહિતી આપવામાં આવી હતી. જેમાં ગ્રાહક કોને કહેવાય, તેમજ કઈ-કઈ બાબતની સાવચેતી રાખવી, તેનાથી વિદ્યાર્થીઓને અવગત કરવામાં આવ્યાં હતાં. આ નાટકમાં ધો. ૫ થી ૮ ના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં પ્રથમ ત્રણ ક્રમાંક મેળવનાર વિદ્યાર્થીઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યાં હતાં.

**ઓર્ગન સ્પર્ધામાં દ્વિતીય ક્રમાંક પ્રાપ્ત કરેલ :**




સ્કૂલમાં તા.૫-૧ ના રોજ **કલા મહાકુંભ ૨૦૨૩-૨૪** મહાનગરપાલિકા કક્ષાએ યોજાયેલ. જેમાં વિવિધ સ્પર્ધાઓ પૈકી શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થી હિરાણી જય પ્રકાશભાઈએ ઓર્ગન સ્પર્ધામાં દ્વિતીય ક્રમાંક પ્રાપ્ત કરેલ તે બદલ શાળા પરિવાર વતી તેમને ખૂબ-ખૂબ શુભેચ્છાઓ.

**કરાટે સ્પર્ધામાં ગોલ્ડ મેડલ :**



સ્કૂલમાં **કરાટે એકેડમી ઓફ જાપાન ગોજુરીયુ ઈન્ડિયા** દ્વારા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે કરાટે સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ હતું. આ ટુનામેન્ટમાં No Contact Fight દ્વારા સરખી ઉંમરના વિદ્યાર્થીઓ એક બીજા સાથે પ્રતિ સ્પર્ધા કરેલ. તેમજ ભાગ લેનાર દરેક વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર દ્વારા પ્રોત્સાહિત કરવામાં આવેલ. આ ટુનામેન્ટ ૭ જાન્યુઆરી, રવિવારના યોજાયેલ હતી. જેમાં સ્કૂલમાં અભ્યાસ કરતો ધો. ૫ નો વિદ્યાર્થી મહેતા રુદ્ર ખંજનભાઈએ પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરીને ગોલ્ડ મેડલ હાંસિલ કર્યો છે તે બદલ શાળા પરિવાર વતી તેમને ખૂબ-ખૂબ શુભેચ્છાઓ.

**સાધન સહાય વિતરણ કાર્યક્રમ :**



સ્કૂલમાં શ્રીમતી માલતીબેન તથા શ્યામલાલ દલાલ હેન્ડિકેપ વેલ્ફેર ફાઉન્ડેશન કોર્પસ ફંડના વ્યાજની આવકમાંથી સાધન સહાય કાર્યક્રમ અંતર્ગત તા. ૮-૧ ના રોજ દિવ્યાંગ બાળકોને સાધનો આપી તેને પ્રોત્સાહન પૂરું પાડવામાં આવ્યું હતું. આ કાર્યક્રમની શરૂઆત કે.એન.શાહ હાઈટેક ઈન્ક્લુઝિવ સ્કૂલની ધો. ૯ની વિદ્યાર્થીનીઓ દ્વારા પ્રાર્થના ગીત રજૂ કરીને કરવામાં આવી હતી. દિવ્યાંગ બાળકોમાં રહેલી ખૂબીઓને બહાર લાવવા માટે આપણી સંસ્થામાં ઘણા કાર્યક્રમો થતાં રહ્યાં છે, જેનાથી દિવ્યાંગ બાળકોને સમાજમાં અને શાળામાં પોતાનું સ્થાન મળી રહે.

**હાસ્ય થેરાપી :**

સ્કૂલમાં તા. ૯-૧ ના રોજ બાલમંદિર થી ધો. ૨ ના તમામ વિદ્યાર્થીઓને હાસ્ય થેરાપી કરાવવામાં આવેલ. સૌ પ્રથમ વિદ્યાર્થીઓને મેદાનમાં રનીંગ કરાવવામાં આવેલ. ત્યારબાદ પ્રકૃત્તિના સાનિધ્યમાં હાસ્ય થેરાપી કરાવી, શિક્ષક શ્રી દક્ષાબેન પંડયા દ્વારા તેના ફાયદાઓ વિશે વિદ્યાર્થીઓને માહિતગાર

કરવામાં આવ્યાં હતાં. વિદ્યાર્થીનું સ્વાસ્થ્ય સારું રહે, તેમજ વર્તમાન પરિસ્થિતિમાં ડિપ્રેશનથી દૂર રહે, તે હેતુથી આ પ્રવૃત્તિ કરાવવામાં આવી હતી.

**'વિશ્વ હિન્દી દિવસ' :**

સ્કૂલમાં તા.૧૦-૧ ના રોજ **'વિશ્વ હિન્દી દિવસ'ની ઉજવણી** અંતર્ગત ધો. ૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓમાં **સુલેખન સ્પર્ધા**નું આયોજન કરવામાં આવ્યું હતું. આપણા જીવનમાં માતૃભાષાનું જેટલું મહત્વ રહેલું છે, તેવી જ રીતે રાષ્ટ્રભાષાનું પણ મહત્વ છે, તે બાબતથી વિદ્યાર્થીઓને માહિતગાર કરવામાં આવ્યાં હતાં. હિન્દી એ આપણી રાષ્ટ્રભાષા છે. આ દિવસે શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષકો દ્વારા સમગ્ર દિવસ દરમિયાન હિન્દી ભાષામાં જ વાતો કરવામાં આવી હતી.

**'સ્વામી વિવેકાનંદ જયંતિ' :**

સ્કૂલમાં તા.૧૨-૧ ના રોજ **'સ્વામી વિવેકાનંદ જયંતિ'ની ઉજવણી** કરવામાં આવી હતી. જેમાં ધો. ૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓને સ્વામી વિવેકાનંદના જીવનની ઝાંખી કરાવી, તેમજ તેમના જીવનચરિત્ર વિશે બાળકોને વિગતે સમજાવેલ. આજે પણ યુવા પેઢી માટે સ્વામી વિવેકાનંદના સૂત્રો કેટલા પ્રેરણાદાયી બને છે, એ બાબતનો ખ્યાલ વિદ્યાર્થીઓને આપવામાં આવેલ. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન શાળાના આચાર્ય શ્રી હિતેનકુમાર પંડયાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

**'પતંગોત્સવ' :**





સ્કૂલમાં તા.૧૩-૧ ના રોજ **'પતંગોત્સવ'ની ઉજવણી** કરવામાં આવી હતી. જેમાં બાલમંદિર થી ધો. ૧૨ ના તમામ વિદ્યાર્થીઓ ખૂબ જ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આગામી તા. ૨૨-૧ ના રોજ ભગવાન શ્રીરામનો પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ અયોધ્યા ખાતે યોજાનાર છે, જેના અનુસંધાને વિદ્યાર્થીઓ દ્વારા રામમંદિરનું ચિત્ર દોરી **જમ્બો પતંગ** બનાવવામાં આવેલ. બાળકો આનંદ અને ઉલ્લાસથી શાળામાં ઉતરાયણ પર્વની ઉજવણી માટે પતંગ, ફિરકી સાથે આવેલ અને શાળાના મેદાનમાં રંગબેરંગી પતંગ ચગાવી, શાળાનું વાતાવરણ બાળકોના કિલકિલાટથી ગુંજી ઉઠયું હતું. ઉપરાંત વિદ્યાર્થીઓને ઉત્તરાયણ પર્વના મહત્વ વિશે માહિતી આપવામાં આવી હતી. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન શાળાના આચાર્યશ્રી હિતેનકુમાર પંડયા દ્વારા કરવામાં આવેલ.



# દિશા કમ વિકાસ પ્રોજેક્ટ

## દિવ્યાંગો માટે આશા કિરણ...

✍ અમિત મિત્રા



**વોકેશનલ એક્ટિવિટી :**

પી.એન.આર. સોસાયટી સંચાલિત અને નેશનલ ટ્રસ્ટ, ન્યુ દિલ્હી દ્વારા ચલાવવામાં આવતા આ દિશા કમ વિકાસ પ્રોજેક્ટ દ્વારા, બાળકો આર્થિક ઉપાર્જન કરતાં શીખે તે માટે વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. જે અંતર્ગત નવેમ્બર માસ દરમ્યાન બાળકોને પ્રિ-વોકેશનલ અક્ટિવિટીમાં **એન્કલેટ અને મુલતાની માટી તથા લેમન ફલેવર સાબુ** બનાવતા બાળકોને શીખવવામાં આવ્યું હતું.

**લોકલ પ્રોજેક્ટ કમિટી મિટીંગ :**

તા. ૨૨/૧૨ના રોજ દિશા કમ વિકાસ પ્રોજેક્ટની મિટીંગનું આયોજન કરવામાં આવેલ, જેમાં શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવા, આવકના દાખલા પૂરા થઈ ગયેલ છે તે રીન્યુ કરાવવા બાબત તથા હાલમાં કોરોનાના કેસ વધતાં હોવાથી બાળકોને માસ્ક તથા શૂઝ પહેરીને શાળાએ આવવા બાબત વાલીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

**લૂઈ બ્રેઈલના જન્મ દિવસની ઉજવણી :**

તા. ૪ જાન્યુઆરી `૨૪ના રોજ લૂઈ બ્રેઈલના જન્મ દિવસની ઉજવણી દિશા કમ વિકાસ પ્રોજેકટના વિદ્યાર્થીઓ અને શિક્ષકો દ્વારા કરવામાં આવી હતી. જેમાં પ્રોજેકટના વિદ્યાર્થીઓને લૂઈ બ્રેઈલ વિશે તથા અંધ વ્યકિતઓના ભાષાકિય વિકાસ માટે વિકસાવવામાં આવેલ બ્રેઈલ ભાષા અંગે જાણકારી આપવામાં આવી હતી. જે કાર્યક્રમનું આયોજન પ્રોજેક્ટના કો-ઓર્ડિનેટર ડો. અમિત મિત્રાના માર્ગદર્શન હેઠળ વિશિષ્ટ શિક્ષક શ્રી બીનાબેન જાની દ્વારા કરવામાં આવ્યું હતું.

**પ્રિ-વોકેશનલ વર્કશોપ :**



તા. ૧૯/૨૦ ડિસેમ્બર`૨૩ના રોજ બે દિવસીય પ્રિ-વોકેશનલ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતુ. જેમાં મુખ્ય દાતાશ્રી શ્રીમતી જયશ્રીબેન સંઘવી તથા તેમનાં ફેકલ્ટી મેમ્બર્સ દ્વારા કેન્ડલ મેકિંગ, પરફયુમ મેકિંગ અને અગરબતી તથા ધુપ મેકિંગ જેવી વિવિધ પ્રોડકટ બનાવવાની તાલીમ આપેલ. આ વર્કશોપમાં દિશા કમ વિકાસ પ્રોજેકટના શ્રી રીનાબેન વસોયા અને શ્રી હર્ષાબેન પાડલીયાએ ભાગ લઈ ચોકલેટનું ગિફટ પેકિંગ કરતા અને સુગંધિત નેચરલ-હર્બલ શોપ અને પરફયુમ બનાવતા શીખ્યા હતા.



# પી. એન. આર. હૉસ્પિટલ

**મહાસુખભાઈ જકડિયા**



**ડિસેમ્બર - ૨૩ દરમ્યાન, નીચે મુજબ દર્દીઓને વિનામૂલ્યે અથવા રાહતદરે સારવાર આપવામાં આવેલ છે.**

| વિભાગ | તપાસેલ દર્દીની સંખ્યા | ઓપરેશન અથવા પ્રોસિજર સંખ્યા |
|---|---|---|
| ઓર્થોપેડિક | ૨૧૨ | ૦૬ - ૨૮ |
| આંખ | ૧૨૨૭ | - - ૪૪૬ |
| આંખની છારી | - | ૫૫ |
| ઈ.એન.ટી. (કાન-નાક-ગળા) | ૪૨૦ | ૨૦૪ - ૦૪ |
| ઓર્થોસ્કોપી | ૨૩ | - |
| ઓર્થોડેન્ટલ | ૧૯૪ | ૨૨૯ |
| જનરલ ઓપીડી | ૮૨૦ | - |
| એક્ષ-રે | ૧૦૪ | - |
| લેબોરેટરી | ૫૦૪ | ૨૧૭૨ (ટેસ્ટ) |

| વિભાગ | તપાસેલ દર્દીની સંખ્યા | ઓપરેશન અથવા પ્રોસિજર સંખ્યા |
|---|---|---|
| ચામડી | ૩૧ | - |
| આંખના પડદા | ૨૯ | - |
| પેઈન મેનેજમેન્ટ વિભાગ | ૨૯ | - |
| M. D. ફિઝીશ્યન વિભાગ | ૪૩ | - |
| | ૨૧ | |

**પ્રવીણચંદ્ર દલાલ ડિસેબિલિટી પ્રિવેન્શન સેન્ટર**

| | | |
|---|---|---|
| પ્લાસ્ટિક સર્જરી | ૩૮ | - |
| હેર ઈમ્પ્લાન્ટ | ૨૧ | - |
| રૂબેલા વેકિસન | ૦૩ | - |

આ માસ દરમિયાન કુલ **૪૭૩૪** દર્દીઓએ લાભ લીધો હતો.

- ◈ - સ્વાસ્થ્ય સંજીવની યોજના હેઠળ **૧૪૧** લાભાર્થીઓએ **રૂા. ૨૩૨૧૫/-** ની સહાય મેળવેલ છે.
- ◈ - મહાવીર મેડિકલ સહાય નીચે કુલ **૧૩** લાભાર્થીઓએ **રૂા. ૪૨૨૦/-** ની સહાય મેળવેલ છે.

## સંસ્થામાં સેવારત ડૉકટરશ્રીઓ.

**૧. ડૉ. રાજેન્દ્રસિંહ વાઘેલા (D.O.M.C., Ophtalmology)**



PNR હોસ્પિટલમાં સેવા આપી રહેલા તબીબો અહીં માત્ર વ્યવસાયિક કર્મ કે સેવાના ભાવ સાથે જ કામ કરે છે તેવું નથી. તેમણે પોતાના કામને, ઈશ્વર પ્રત્યેની ફરજ સ્વરૂપે જોઈ છે. તેઓની આ ઉમદા ભાવનાને કારણે આ ઋગ્ણાલયનો વધુને વધુ લોકો લાભ લેતા હોય છે.

આવા જ એક આંખના સર્જન ડૉ. રાજેન્દ્રસિંહ જામસિંહ વાઘેલા. મૂળ અમદાવાદના સાણંદના વતની અને ૨૦૦૪થી PNR સાથે જોડાયેલાં છે. આઈ સર્જન તરીકે તેઓ ૧૯ વર્ષનો બહોળો અનુભવ ધરાવે છે અને

**ફેકો આઈ સર્જરી**માં તેઓ નિષ્ણાત છે. ૫૦,૦૦૦ થી વધુ સર્જરી તેમના હાથે થઈ છે અને PNR હોસ્પિટલમાં તેમની આ નિષ્ણાત સેવાનો લાભ દર્દીઓને મળી રહ્યો છે.

અન્યની આંખો સારી કરવાનું કામ કરતા આ સર્જન-ડૉ.વાઘેલા, સ્વયં આધ્યાત્મિક વિશેષ દ્રષ્ટિ ધરાવે છે. ૨૦૦૧થી તેઓ સ્વાધ્યાય પરિવાર સાથે જોડાયેલા છે અને તેઓ કહે છે, ''દર્દીઓ માટે હું જે કરી રહ્યો છું તે મને મળેલી શક્તિનું, પ્રભુ પ્રિતિઅર્થે નિ:સ્વાર્થભાવે હવન સ્વરૂપે કરી રહ્યો છું. આથી વિશેષ કશું નથી.''

PNR હોસ્પિટલમાં આ ડૉક્ટરશ્રીની ઓ.પી.ડી. દર શનિવારે સવારે ૯ થી ૧૦ અને ત્યારબાદ ઓપરેશન કરવામાં આવે છે. (નોંધ :- PNR અને લોઢાવાળા હોસ્પિટલમાં લાંબા સમયથી કાર્યરત ડૉક્ટરશ્રીઓની સેવાઓને બીરદાવવાનો નમ્ર પ્રયાસ છે.જે હવે ક્રમબધ્ધ 'કોશિશ...' માં આવશે.- તંત્રીશ્રી)



# પ્રવીણચંદ્ર દલાલ ડિસેબિલિટી પ્રિવેન્શન સેન્ટર



જીજ્ઞેશ પારેખ

**પ્લાસ્ટિક સર્જરી કેમ્પ :**

તા. ૧ થી ૬ ડિસે.'૨૩ ના રોજ કોન્જીનીટલ ડિફોરમિટી પ્રોજેક્ટ અન્વયે **પ્લાસ્ટિક સર્જરી કેમ્પ**નું આયોજન, દાતાશ્રી સ્ટેકબેક ઝવેલરી પ્રા. લિ.-મુંબઈના આર્થિક સહયોગથી કરવામાં આવ્યું હતું. જેમાં જન્મજાત ખામીવાળા જરૂરિયાતમંદ ૩૮ બાળકોની તપાસ ડૉ. નરેશ વાધવા (પ્લાસ્ટિક સર્જન) દ્વારા કરવામાં આવી હતી. તે પૈકી ૭ કપાયેલાં હોઠ, ૩ તાળવામાં કાણું અને ૩ પોસ્ટ બર્ન એમ કુલ ૧૩ ઓપરેશન કર્યા હતાં. આ કેમ્પ ડૉ. નરેશ વાધવા (પ્લાસ્ટિક સર્જન), ડૉ. નિરવ ધોળકિયા અને ડૉ. મેહુલ મોદી (એનેસ્થેટિક) તથા હોસ્પિટલના નર્સિંગ સ્ટાફની જહેમતથી સફતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યો હતો.

**યુપા ફ્રેશ પ્રા. લિ.-મુંબઈ ડેફનેસ બ્લાઈન્ડનેસ પ્રિવેન્શન પ્રોજેક્ટ :**

વર્ષ ૨૦૨૩-'૨૪ માં **યુપા ફ્રેશ પ્રાઈવેટ લિમિટેડ-મુંબઈ**ના આર્થિક સહયોગથી આ પ્રોજેક્ટ શરૂ કર્યો છે. આ પ્રોજેક્ટમાં વર્ષ દરમિયાન એક લાખ બાળકોના આંખ અને કાનની પ્રાથમિક તપાસ કરી, રિફ્રેક્ટીવ એરરવાળા બાળકોને વિનામૂલ્યે ચશ્મા વિતરણ, તેમજ ત્રાંસી આંખ, ઢળેલી પાપણ, બાળ મોતિયો, તેમજ કાનમાં ઈયર ડિસ્ચાર્જ વિ.નું ડૉક્ટર દ્વારા નિદાન અને તેની સારવાર-સર્જરી વિનામૂલ્યે કરી આપવામાં આવશે.


ડિસેમ્બર'૨૩ દરમિયાન ઘોઘા અને ભાવનગર તાલુકાની વિવિધ પ્રાથમિક શાળાઓમાં ૯૭૬૩ બાળકોનું પ્રાઈમરી સ્ક્રિનિંગ કરવામાં આવ્યું, તેમાંથી આંખની વિવિધ તકલીફવાળા ૫૭૫ બાળકો મળ્યાં અને કાનની વિવિધ તકલીફવાળા ૨૩૯ બાળકો જોવા મળ્યાં હતાં.

આ ઉપરાંત એક ENT કેમ્પ તા. ૨૮-૧૨ ના રોજ તળાજા તાલુકાના બોરડા કેન્દ્રવર્તી સ્કૂલમાં યોજવામાં આવ્યો હતો, તેમાં તળાજા તાલુકાના બોરડા, ઉંચડી, ઊંચા કોટડા કેન્દ્રવર્તી શાળા તથા પેટા શાળાના ૭૬ બાળકોને બોલાવવામાં આવ્યાં હતાં. આ કેમ્પમાં ડૉ. ઉદિતરાજ ચાવડા (ENT, સર્જન) એ સેવા આપી, ૪૬ બાળકોને તપાસી પ્રિસ્ક્રાઈબ કર્યા મુજબ દવા આપી હતી, ૧૬ બાળકોને પી.એન.આર. હોસ્પિટલમાં વધારાની ટ્રીટમેન્ટ માટે રિફર કર્યા હતાં.



# અંબા સી.પી. હોસ્ટેલ

## ડિસે.'-૨૩, જાન્યુ.'-૨૪



લાલજી પંડયા

**નીચેના મહાનુભાવોએ હોસ્ટેલના બાળકોને પોતાના પરિવારના સભ્યોના જન્મદિન, મેરેજ એનિવર્સરી કે દિવંગત સ્નેહીની તિથિ નિમિત્તે ભોજન / નાસ્તો કરાવેલ**

### ભોજન / મિષ્ટાન

Ÿ તા. ૧૬-૧૨ ના રોજ શ્રી ભાવેશભાઈ શેઠ તરફથી...

Ÿ તા. ૧૭-૧૨ ના રોજ શ્રી હરપાલસિંહ ચુડાસમા તરફથી...

Ÿ તા. ૨૦-૧૨ ના રોજ શ્રી અનકભાઈ વ્યાસ તરફથી...

Ÿ તા. ૨૪-૧૨ ના રોજ શ્રી મીત માધવાણી તરફથી...

- તા. ૨૯-૧૨ ના રોજ શ્રી ભાવિકાબેન શાહ તરફથી...
- તા. ૩૦-૧૨ ના રોજ શ્રી ગજેન્દ્રસિંહ જાડેજા તરફથી...
- તા. ૦૨-૦૧ ના રોજ શ્રી શ્યામભાઈ ઠક્કર તરફથી...
- તા. ૦૩-૦૧ ના રોજ શ્રી જીતેન્દ્રભાઈ લુંભાણી તરફથી...
- તા. ૦૬-૦૧ ના રોજ શ્રી તન્વીર મીર્ઝા તરફથી...
- તા. ૦૭-૦૧ ના રોજ ડૉ. પ્રતિભાબેન ભટ્ટી તરફથી...
- તા. ૧૧-૦૧ ના રોજ શ્રી હેતલબેન ડેડમા તરફથી...
- તા. ૧૨-૦૧ ના રોજ શ્રી હિતેનભાઈ પંડયા તરફથી...
- તા. ૧૩-૦૧ ના રોજ શ્રી રત્નાબેન માધવાણી તરફથી...
- તા. ૧૩-૦૧ ના રોજ શ્રી મૌલિકભાઈ કનકોસિયા તરફથી...

## નાસ્તો

- તા. ૧૭-૧૨ ના રોજ શ્રી પ્રતાપસિંહ ગોહિલ તરફથી...
- તા. ૨૩-૧૨ ના રોજ અર્હમ ગ્રુપ તરફથી...
- તા. ૨૭-૧૨ ના રોજ શ્રી મેહુલભાઈ દેવલુક તરફથી...
- તા. ૩૦-૧૨ ના રોજ શ્રી પારસભાઈ શાહ તરફથી...
- તા. ૩૧-૧૨ ના રોજ શ્રી વિમલભાઈ ત્રિવેદી તરફથી...
- તા. ૦૧-૦૧ ના રોજ શ્રી હર્ષાબેન શાહ તરફથી...
- તા. ૦૮-૦૧ ના રોજ શ્રી ભાસ્કરભાઈ શ્રીવાસ્તવ તરફથી...
- તા. ૧૩-૦૧ ના રોજ શ્રી લાલજીભાઈ જીંજાળા તરફથી...



- તા. ૧૧-૧૨ ના રોજ સંસ્થાના વિઝિટીંગ મેડિકલ ઓફિસર ડૉ. પ્રવીણભાઈ ગોસાઈના માર્ગદર્શન મુજબ સી.પી. હોસ્ટેલના બાળકોની પ્રાથમિક સારવાર અંગેનો કેમ્પ યોજાયો. તેમાં હોસ્ટેલના તમામ બાળકોએ ભાગ લીધો હતો.

### ડૉ. પ્રતિભાબેન ભટ્ટીએ દિવ્યાંગો સાથે પોતાના જન્મદિવસની ઉજવણી

નટરાજ સી.પી. સ્કૂલની હોસ્ટેલમાં રહેતા મગજના લકવાવાળા બાળકોની હોસ્ટેલમાં, ટાણા ગામથી આવી. ડૉ. પ્રતિભાબેન ભટ્ટી તથા શ્રી દીપકભાઈ ભટ્ટીએ જન્મ દિવસની ઉજવણી દિવ્યાંગો પ્રત્યે પોતાની સંવેદના બતાવતા ભોજનની પાર્ટી આપી. માનદ મંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડ, ગૃહપતિ શ્રી લાલજીભાઈ પંડયા અને દિવ્યાંગ બાળકોએ ડૉ. પ્રતિભાબેનને "હેપ્પી બર્થ ડે" ના ગીતોની ચિચીયારીઓ સાથે શુભેચ્છાઓ પાઠવી હતી.





# શ્રી શાહ ખી. લ. બહેરાં મૂંગા શાળા (પ્રાથમિક વિભાગ)



ગજાનંદ ભટ્ટ

### વેળાવદર-કાળિયાર ઉદ્યાન ખાતે પ્રકૃતિ શિબિર :

ભાવનગરથી લગભગ ૫૨ કિલોમીટરના અંતરે આવેલું વેળાવદરનું કાળિયારનું રાષ્ટ્રિય ઉદ્યાન તેની નૈસર્ગિકતાને લઈને સમગ્ર ભારત અને ભારત બહારના દેશોનું આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. જે તેના ઘાસના મેદાનો, કાંટાળી વનસ્પતિ અને તેમાં વિહરતા જુદા-જુદા વન્યજીવો જેવા કે કાળિયાર, વરુ, ખડમોર, જંગલી બિલાડી તેમજ વિવિધ પક્ષીનો વિસામો, વેટલેન્ડના લીધે તેના સૌંદર્યને પરાકાષ્ઠા આપવાનું કામ કરે છે.



આવા પ્રકૃતિના ખોળે શાળાના ધો. ૬ અને ૭ ના કુલ ૫૦ બાળકો અને પાંચ શિક્ષકોને તા. ૧-૧ અને ૨-૧ ના રોજ જવાનો મોકો મળ્યો. જેને બાળકો અને તેની સાથે ગયેલ શિક્ષકોએ મન ભરીને આનંદ માણ્યો હતો. આવા સુંદર પ્રકૃતિના સાનિધ્યમાં વેળાવદર કાળિયાર ઉદ્યાનના આર.એફ.ઓ. શ્રી ગઢવી સાહેબ, ફોરેસ્ટર શ્રી દવે સાહેબ અને શ્રી કિસ્મતભાઈ, બીડ બીટ શ્રી મિલનભાઈ જાળેલા, તેમજ પ્રશિક્ષક શ્રી હર્ષિતભાઈ પટેલ અને શ્રી યશભાઈ વ્યાસે ઉપસ્થિત રહી, આપણાં શ્રવણમંદ બાળકોને કાળિયાર અને વન્યજીવોના સંરક્ષણ અને સંવર્ધન વિશે જ્ઞાનવર્ધક રોચક માહિતી આપી. સમગ્ર શિબિર સુખરૂપ સંપન્ન કરવામાં સંસ્થાના માનદ મંત્રીશ્રી, આચાર્યશ્રી, પ્રોજેક્ટ મંત્રીએ સુંદર સહયોગ આપ્યો હતો.

**નાતાલની ઉજવણી :**



તા. ૨૩-૧૨ ના રોજ શાળાના ધો. ૨ અને ૩ ના વિદ્યાર્થીઓ ફાતિમા કોન્વેટ સ્કૂલ, જેલ રોડમાં **નાતાલની ઉજવણી** માટે ગયા હતા. આપણી શાળાના બાળકોએ નાતાલની ઉજવણીનો કાર્યક્રમ જોયો હતો અને તે શાળા તરફથી આપણા બાળકોને નાસ્તો અને પ્રતીક ભેટ તરીકે શાલ આપી હતી.

**નાતાલની ઉજવણી :**



શાળામાં પ્રાથમિક વિભાગ અંતર્ગત નાતાલના તહેવાર વિશે શ્રવણમંદ બાળકોને પ્રત્યક્ષ સમજ આપવાના હેતુસર શાળાના ઓડિટોરિયમમાં તા. ૨૩-૧૨ ના રોજ રંગબેરંગી નાટ્યરૂપે નાતાલની પ્રસ્તુતિ કરવામાં આવી. જેમાં ભગવાન ઈસુનો જન્મ પ્રસંગ નૃત્ય દ્વારા દર્શાવી, હર્ષોલ્લાસ સાથે નાતાલની ઉજવણી થઈ. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન શ્રી કવિતાબેન શાહ અને શાળાના બાળકો દ્વારા સુંદર રીતે કર્યું હતું. આ કાર્યક્રમમાં બંને વિભાગના આચાર્યશ્રી, તેમજ સંસ્થાના માનદ મંત્રીશ્રી અશ્વિનભાઈ પંડયાની પ્રેરક ઉપસ્થિત રહી હતી અને આ પ્રોજેક્ટને સફળતાપૂર્વક સંપન્ન કરવા બદલ તેઓએ અભિનંદન આપ્યાં હતાં.

**સંસ્થા મુલાકાત :**



ભાવનગર શ્રીમતી મહાલક્ષ્મીબેન અને જગન્નાથ એ. મહેતા શ્રવણમંદોની માધ્યમિક શાળાના દાતા પરિવારના શ્રી જીતુભાઈ જે. મહેતા સંસ્થાની શુભેચ્છા મુલાકાતે પધારેલ. તેઓની સાથે પી.એન.આર. સોસાયટીના પ્રમુખ શ્રી કૃષ્ણકાંતભાઈ ચિત્તલિયા, ઉપપ્રમુખ શ્રી વામનભાઈ પારેખ (નીલકમલ પ્રા. લિ.) તથા શ્રી હિતેનભાઈ દલાલે બહેરાં-મૂંગા શાળાના વર્ગોની પ્રવૃત્તિઓની મુલાકાત લીધી. બધિર બાળકોની સાંસ્કૃતિક કૃતિઓ નિહાળી તેઓ અભિભૂત થયા હતાં.

શ્રી હિતેનભાઈ દલાલે આ વિશિષ્ટ બાળકોના શિલ્પીઓ એવા શિક્ષકો માટે રૂા. એક લાખ અને બીજા મહાનુભાવોએ સાંસ્કૃતિક કૃતિમાં ભાગ લીધેલ બાળકોને રોકડ ઈનામ આપી પ્રોત્સાહિત કર્યાં હતાં. શ્રી કૃષ્ણકાંતભાઈ ચિત્તલિયાએ પણ રૂા. એક લાખના ડોનેશનનો ચેક માનદ મંત્રીશ્રીને અર્પણ કર્યો હતો. સંસ્થાના હોદ્દેદારશ્રીઓ સાથે મિટીંગ થયેલ, જેમાં સંસ્થાના ભાવી આયોજન બાબતે વિચાર-વિમર્શ કરવામાં આવ્યો હતો.

**સંસ્થા મુલાકાત :**

અમેરિકા સ્થિત અને કૃત્રિમ હાથ-પગ કેમ્પના નિયમિત દાતા શ્રી મનહરભાઈ પારેખની પ્રેરણાથી અમેરિકાથી પધારેલ શ્રી બિપીનભાઈ શાહ, શ્રી કલ્પનાબેન, શ્રી જીતુભાઈ વિગેરેએ શાળાની મુલાકાત લીધેલ અને વર્ગખંડમાં વિશિષ્ટ બાળકોને જોઈ ગળગળા થઈ ગયેલ. મંત્રીશ્રીએ તેઓને સાંત્વના આપી જણાવ્યું કે, ‘‘ઈશ્વરે જે સર્જન કર્યું છે તેનો સ્વીકાર કરવો રહ્યો. હવે તેમાં આપણે શું વધુ સારું કરી શકીએ તે કરતા રહેવાનું,’’ જણાવી શાંત કર્યાં.

તેઓએ મુલાકાત બાદ છાત્રાલયના બાળકોને બે દિવસ મિષ્ટાન ભોજન, તેમજ તેમના લગ્ન નિમિત્તે કૃત્રિમ હાથ-પગના કેમ્પ માટેના દાનની જાહેરાત કરી હતી.

**ગાંધી નિર્વાણ દિનની ઉજવણી :**

શ્રી શાહ ખી.લ.બહેરાં-મૂંગા શાળા ટ્રસ્ટ સંચાલિત, પ્રાથમિક શાળા અને શ્રી કે.કે. અજમેરા ટીચર્સ ટ્રેનિંગ કોલેજમાં

ગાંધી નિર્વાણ દિવસ વિશે સિનીયર શિક્ષિકા શ્રી ફાલ્ગુનીબેન ખાટસુરિયાએ ગાંધીજીના જીવન વિશેની વાતો તેમજ તેમના ૧૧ વ્રતો વિશે શાળાના પ્રાર્થના રૂમમાં બાળકોને સમજ આપવામાં આવી. પ્રાથમિક શાળાના બાળકો અને કોલેજના તાલીમાર્થીઓએ શહીદ દિવસની યથાર્થ માહિતી અને સમજ મેળવી હતી તથા ભારતને આઝાદ આબાદ બનાવનાર શહીદોની શહાદતને બીરદાવી હતી અને અંતમાં બે મિનીટ મૌન પાળી વીરાંજલી આપવામાં આવી હતી.





# શ્રી શાહ ખી.લ. બહેરાં-મૂંગા શાળા
# મહેતા છાત્રાલય



સ્નેહાબેન જોષી

◈તા. ૪-૧૨ ના રોજ સ્વ. શ્રી રેખાબેન રાખશિયાના સ્મરણાર્થે બાળકોને દર વર્ષની જેમ આ વર્ષે પણ મિઠાઈ-ફરસાણનું ભોજન કરાવ્યું હતું.

◈તા. ૧૪-૧૨ ના રોજ શ્રી વર્ષાબેન લાલાણી દર વર્ષની જેમ આ વર્ષે પણ બપોરના ભોજનમાં ફ્રુટસલાડ આપેલ. જે છાત્રાલયમાં જ બનાવેલ. બાળકોએ ખૂબ જ આનંદ સાથે ભોજન કર્યું હતું.

◈૧૪-૧૨ ના રોજ શ્રી જીતુભાઈ વાઘાણીના પિતાશ્રીની તિથિ નિમિત્તે બાળકોને બપોરે ફરસાણ સાથે ભોજન કરાવેલ અને બાળકોએ શાંતિ પ્રાર્થના કરી હતી.

◈તા. ૨૧-૧૨ ના રોજ બુધાભાઈ પટેલના ૬૯મા જન્મદિવસ નિમિત્તે બાળકો તેમજ સંસ્થાના તમામ સ્ટાફને મનગમતું ભોજન કરાવેલ. બાળકોએ ખૂબ જ સરસ કેકનું ડ્રોઈંગ કરેલ, તેમજ જન્મદિવસનું કાર્ડ બનાવેલ અને બાળકો તથા સ્ટાફે ખૂબ-ખૂબ શુભકામના પાઠવી હતી.

◈તા. ૨૯-૧૨ ના રોજ સીએમપી છાત્રાલયના પૂર્વ રસોયા બેન શ્રી પ્રવીણાબેન દિલીપભાઈ કંટારીયાના દીકરાના લગ્ન પ્રસંગ જાન્યુઆરી માસમાં હોવાથી, તે નિમિત્તે છાત્રાલયના દરેક બાળકોને જમાડવાની ઈચ્છા શ્રી પ્રવીણાબેનને ખૂબ જ હોવાથી, તેને એક મા બનીને બાળકોને હંમેશા રસોઈ બનાવીને પ્રેમથી જમાડેલ. તેમની ઈચ્છા મુજબ બાળકોને મોતીબાગ ટાઉન હોલમાં ખૂબ જ સરસ ભોજન કરાવેલ. બાળકોનો આવકાર પણ પુષ્પવર્ષાથી કરેલ અને ખૂબ જ ભાવથી ભોજન પીરસી બાળકોને જમાડ્યા હતા. સંસ્થા દ્વારા શ્રી પ્રવીણાબેનનું શાલ ઓઢાડી, પુષ્પગુચ્છથી સન્માન કરાયું હતું.

◈તા. ૨૮-૧૨ ના રોજ દાતાશ્રી ચિરાગભાઈ શાહ તથા તેમના મિત્રવર્તુળ દ્વારા છાત્રાલયના તમામ બાળકોને ગરમ ટોપી તથા સ્કાફ વિતરણ કરાયું હતું.

◈શ્રી કીર્તિભાઈ શાહના હસ્તે અલગ-અલગ દાતાઓ દ્વારા બાળકોને મનપસંદ ભોજન તથા નાસ્તો કરાવ્યો હતો.

◈ઠંડીની શરૂઆત થતા જ બાળકોના આરોગ્યને ધ્યાનમાં રાખી જુદી-જુદી લીલોતરી શાકભાજી, તેમજ જુદા-જુદા સલાડ વગેરે આપવામાં આવે છે, તેમજ બાળકોને શુધ્ધ ઘીમાં બનાવેલ અડદિયો સમયાંતરે પિરસવામાં આવે છે.



# શ્રીમતી પ્રભાકુંવરબહેન રતિલાલ વાઘર
# કૃત્રિમ સાધન સહાય વર્કશોપ



વિપુલ જેઠવા

ડિસેમ્બર માસમાં સ્થાનિક કક્ષાએ કુલ ૧૪૪ જેટલા લાભાર્થીઓને તપાસવામાં આવેલ, જેમાં લાભાર્થીઓને આશરે ૧૯૩ જેટલા જુદા-જુદા સાધનો જેવા કે, આખા પગ-૨, અડધા પગ-૨, ઓર્થોશૂઝ-૧,ની-બ્રેસ-૬૫, હેન્ડ સ્પિલન્ટ-૮, સ્પાઈનલ ઓર્થોસિસ-૭, અન્ય-૬૨, કેલિપર-૧૦, એ.એફ.ઓ.-૧૧, પ્લાસ્ટિક ઓર્થોસિસ-૨૫ એમ કુલ ૧૯૩ સાધનો પૂરાં પાડવામાં આવ્યાં હતાં.

ની-બ્રેસના કેમ્પ ડૉ. નાયક દ્વારા બેંગલોર, શિમોગા, શીરસી, પુના મુકામે યોજાયેલ. જેમાં ૬૫ લાભાર્થીઓને ૧૨૩ ની-બ્રેસ પૂરા પાડવામાં આવ્યાં હતાં.



## શ્રી મિનલબેન પારેખ (એટલાન્ટા યુ.એસ.એ.) દ્વારા વર્કશોપમાં યોજાયેલ કૃત્રિમ હાથ-પગનો કેમ્પ



તા. ૮-૧ ના રોજ શ્રી મિનલબેન પારેખ (એટલાન્ટા યુ.એસ.એ.) દ્વારા કુલ ૧૪ દિવ્યાંગ વ્યક્તિને પસંદ કરીને કુલ ૧૬ કૃત્રિમ સાધનો પૂરાં પાડવામાં આવ્યાં હતાં. જેના લાભાર્થીઓનો આજરોજ વર્કશોપમાં કેમ્પ યોજવામાં આવ્યો હતો. જેમાં આખા પગ-૪, અડધા પગ-૯ અડધા હાથ-૨ અને અન્ય સાધન ૧ એમ કુલ ૧૬ સાધનો દાતાશ્રી તરફથી પૂરાં પાડવામાં આવ્યાં હતાં.

જેના લાભાર્થીઓ ભાવનગર, સુરત, અંકલેશ્વર, મહુવા, બાબરા, ગારિયાધાર તથા તળાજાથી આવેલ હતાં. જેમાં દિવ્યાંગોને સાધનો પહેરાવી પ્રથમ વખત વખતજ ચલાવવામાં આવેલ હતાં.

લાભાર્થીઓ પૈકી શ્રી દિનેશભાઈ વસાવા, જેઓ અંકલેશ્વરથી આવ્યાં હતાં. જેઓની ઉંમર ૫૫ વર્ષની છે. તેઓ ફેકટરીમાં કામ કરી પોતાનું ગુજરાન ચલાવતા હતાં. જેઓને અકસ્માતમાં એક પગ ઘૂંટણથી નીચેના ભાગે તથા એક પગ ઘૂંટણથી ઉપર ટ્રક એકિસડન્ટમાં કપાઈ ગયેલ હતાં. આજરોજ તેઓને બંને કૃત્રિમ પગ ફીટ કરી આપેલ, તેથી તેઓ આ પગ વડે વ્યવસ્થિત ચાલી શકે છે અને હવેથી પોતાનું કાર્ય કરી શકશે.

બીજા લાભાર્થી શ્રી હિતીશાબેન મેર, ગઢડા તાલુકાના સખપર ગામના રહેવાસી છે. જેમની ઉંમર ફકત ૯ વર્ષની જ છે. જેઓને જન્મથી જ ડાબો પગ ઘૂંટણ સુધી જ હતો. આજરોજ તેમને કૃત્રિમ પગ ફીટ કરી આપેલ છે. આ કૃત્રિમ પગથી તેઓ રોજિંદા કામ કરી શકશે. ઉપરાંત તેઓ અભ્યાસ કરવા શાળાએ પણ જઈ શકશે.

અન્ય લાભાર્થી કૃપાલી બારૈયા ૧૦ વર્ષની તેમની ઉંમર છે. અને ધો. ૫ માં અભ્યાસ કરે છે. વરતેજના રહેવાસી છે. જેઓને જન્મથી જ ડાબોપગ ઘૂંટણ સુધી જ હતો. આજરોજ તેમને કૃત્રિમ પગ ફીટ કરી આપેલ છે. આ કૃત્રિમ પગથી તેઓ રોજિંદા કામ અને અભ્યાસ કરવા શાળાએ પણ જઈ શકશે. આ પ્રસંગે દરેક લાભાર્થીઓએ ખૂબજ આભારની લાગણી વ્યકત કરેલ હતી.

ભાવનગર નવજવાન સંઘ સંચાલિત

## શેઠ શ્રી વી.સી. લોઢાવાળા હોસ્પિટલ

સૂર્યકાંત ચાવડા



### વિનામૂલ્યે મોતિયાના ઓપરેશનનો કેમ્પ :



અંધત્વ નિયંત્રણ પ્રોગ્રામ અંતર્ગત તા. ૨૩-૧૨ ના રોજ નિઃશૂલ્ક મોતિયાના ઓપરેશનનો કેમ્પ યોજાયો હતો. આંખના નિષ્ણાંત ડૉ. હર્ષાબેન મહેશ્વરી સવારે ૧૦ થી ૧૨:૩૦ તથા ડૉ. નિશાબેન ચૌહાણ ૪ થી ૬ દરમ્યાન નિદાન કરી ૪૯ દર્દીઓની નિદાન કાર્યવાહી કરી હતી અને જરૂરત જણાતા તેમના નિઃશૂલ્ક મોતિયાના ઓપરેશન સોમવારથી શનિવાર દરમ્યાન કરી આપવામાં આવશે. જેનો જરૂરિયાતમંદ દર્દીઓએ લાભ લીધો હતો.

### સ્ત્રી રોગનો નિઃશૂલ્ક તપાસ કેમ્પ :



સ્ત્રી રોગ અને પ્રસુતિ નિષ્ણાત ડૉ. શ્રી યશશ્રી શાહ દ્વારા તા. ૨૩-૧૨ સવારે ૧૦ થી ૧ અને સાંજે ૫ થી ૭ નિઃશૂલ્ક સ્ત્રી રોગ તપાસ નિદાન કેમ્પમાં આવેલ. લાભાર્થી બહેનોને નીચે મુજબની તપાસ કરી આપેલ હતી. સગર્ભા બહેનોને ચેકઅપ, પ્રસુતિ અને તેને લગતા રોગો, કોથળી તથા અંડાશયને લગતા રોગો, વ્યંધત્વ

નિવારણ (બાળક રહેતું ન હોય), વારંવાર ગર્ભપાત (કસુવાવડ), માસિકની અનિયમિતતા, વધુ-ઓછું આવવું અને તેની પીડા, પેડુનો દુખાવો, લોહી પડવું. દુર્ગંધવાળું સફેદ પાણી પડવું, વિગેરે રોગોના સચોટ નિદાન કરી, તેઓને જરૂરી સારવાર કરવામાં આવશે.

## ડિસેમ્બર `૨૩ દરમ્યાન, નીચે મુજબના દર્દીઓને વિનામૂલ્યે અથવા રાહતદરે સારવાર આપવામાં આવેલ છે.

| Departmenr | No. of Service | No. of Patient |
|---|---|---|
| Chest Phy | 7 | 7 |
| Dental | 270 | 270 |
| E.C.G. | 7 | 7 |
| E.N.T. | 527 | 506 |
| EYE | 389 | 389 |
| EYE Retina | 11 | 11 |
| Family Physician | 141 | 141 |
| General Surgeon | 6 | 6 |
| Pathology Lab. | 398 | 181 |
| Maternity | 98 | 95 |

| Departmenr | No. of Service | No. of Patient |
|---|---|---|
| Orthopedic | 31 | 31 |
| Pediatric | 34 | 34 |
| Physician | 54 | 54 |
| Physiotherapist | 11 | 11 |
| Psychiatric | 15 | 15 |
| Skin | 127 | 127 |
| Sonography | 26 | 26 |
| X-Ray | 29 | 29 |
| **Grand Total** | **2181** | **1890** |



સ્વ. ભાવસાર દેવચંદભાઈ મુળજીભાઈ તળાજીયા અને સ્વ. ભાવસાર ખમાલક્ષ્મી દેવચંદભાઈ તળાજીયા

# 'અંકુર' મંદબુદ્ધિવાળા બાળકોની શાળા

નેહલ ગઢવી



### ૩૧મી ડિસે. સેલિબ્રેશન :



7 સ્ટાર કલબ દ્વારા, રીંગ રોડ ખાતે **૩૧મી ડિસે. ની ઉજવણી**નું આયોજન કરવામાં આવેલ. જેમાં શાળાના બાળકોને નિમંત્રિત કરવામાં આવ્યાં હતાં અને ત્યાં બાળકોએ ડાન્સ, DJ દ્વારા ખૂબ જ આનંદ કરી, વર્ષ ૨૦૨૪નું વેલકમ કરેલ. કલબ દ્વારા બાળકો માટે નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં શાળાના ૧૫ બાળકો અને ૪ શિક્ષકો જોડાયાં હતાં.

### સર્કસનો આનંદ માણતા શાળાના બાળકો :

તા. ૪-૧ ના રોજ દાતા શ્રી નિલયભાઈ પારેખ તરફથી શાળાના તમામ બાળકોને ગધેડિયા ફિલ્ડ સ્થિત **એસિયાડ સર્કસ** બતાવવામાં આવેલ. જયાં બાળકો વિવિધ પ્રાણીઓ, જોકર, કસરત તથા જમ્પીંગના વિશિષ્ટ કરતબો નિહાળી મંત્રમુગ્ધ થયેલ દાતાશ્રી દ્વારા આપવામાં આવેલ નાસ્તાનો પણ આનંદ માણેલ. શાળાના મ્યુઝિક થેરાપીસ્ટ ડૉ. ભાવનાબેનના સહયોગથી સર્કસ નિહાળવાના પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું.

### શુભેચ્છા મુલાકાત :



તા. ૮-૯-૧ ના રોજ સંસ્થાના દાતાશ્રી/શુભેચ્છક મુંબઈ સ્થિત શ્રી કૃષ્ણકાંતભાઈ ચિત્તલિયા, શ્રી કીર્તિભાઈ સંઘવી, શ્રી જીતેન્દ્રભાઈ પારેખ તથા શ્રી આશાબેન પારેખે સંસ્થાની **શુભેચ્છા મુલાકાત** લઈ સંસ્થાના વિવિધ વિભાગોની પ્રવૃત્તિઓ નિહાળી.

### પતંગ વિતરણ :



દર વર્ષની માફક આ વર્ષે પણ પૂર્વ શિક્ષણ મંત્રી તથા ભાવનગર પશ્ચિમના ધારાસભ્ય શ્રી જીતુભાઈ વાઘાણી તરફથી શાળામાં તાલીમ મેળવતા દરેક બાળકોને પતંગ-ફિરકી તથા બિસ્કીટનું વિતરણ કરી, ઉત્તરાયણ પર્વની શુભેચ્છા પાઠવવામાં આવી હતી. આ પ્રસંગે મેયર શ્રી ભરતભાઈ બારડ તથા શિક્ષણ સમિતિના ચેરમેન તથા અન્ય સભ્યો, શાળાના માનદ ટ્રેઝરર શ્રી દેવલભાઈ શાહ ઉપસ્થિત રહેલ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી રેશ્માબેન શાહે અને સંકલન આચાર્ય શ્રી મેઘજીખાન સાયબાણીએ કર્યું હતું.

# શ્રી ડી.કે. અજમેરા ફાઉન્ડેશન તથા શ્રીમતી ભાનુમતિ વાડીલાલ ચત્રભુજ ગાંધી "ભાનુવાડી" વોકેશનલ ટ્રેનિંગ સેન્ટર

**અવેરનેસ/એક્ઝિબિશન કમ સેલ :**

જવાહર મેદાન ખાતે તા. ૨૩ થી ૨૫ ડિસે. ૨૩ દરમિયાન એકસ્પો વિઝન-૨૦૩૦ માં તેમજ તા. ૯-૧ થી તા. ૧૩-૧ સુધી હસ્તકલા ઉદ્યોગમાં 'અંકુર' શાળાના ભાનુવાડી વોકેશનલ ટ્રેનિંગ સેન્ટરના મનોદિવ્યાંગ બાળકો દ્વારા નિર્મિત, વિવિધ અને આકર્ષક વસ્તુઓ જેમ કે, તોરણ, હેંગિંગ, કુશન કવર, ફુલોની રંગોળીનું પ્રદર્શન કમ વેચાણનું આયોજન કરવામાં આવેલ. જેની ભાવેણાવાસીઓએ મુલાકાત લઈ સુંદર પ્રતિસાદ આપ્યો હતો.





# એ. ટી. એન્ડ ટી. ટેકનોલોજી ઈન્સ્ટિટ્યૂટ



✍ સુકેતુ શાહ






PNR સોસાયટી ભાવનગર સંચાલિત AT & T દ્વારા દિવ્યાંગોને પગભર કરવા છેલ્લાં ૨૩ વર્ષથી કોમ્પ્યુટર ટ્રેનિંગ દ્વારા વિવિધ કોર્સના અભ્યાસક્રમ કરાવવામાં આવે છે. જેમાં ભાવનગર જિલ્લામાં તાલુકા અને ગ્રામ્ય વિસ્તારમાં લેપટોપ દ્વારા ઓનલાઈન ટ્રેનિંગ પણ આપવામાં આવે છે.

તા. ૨૪-૧ ના રોજ આ ઈન્સ્ટિટયુટ દ્વારા શિહોર તાલુકાના ૨૮ દિવ્યાંગોને ઓનલાઈન ટ્રેનિંગ માટે લેપટોપ, ડોંગલ, પુસ્તકો વિગેરે આપવાનો કાર્યક્રમ સંસ્થામાં યોજાયો હતો.

માનદ મંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડે સ્વાગત પ્રવચન અને સેક્રેટરી જનરલ શ્રી પારસભાઈ શાહે પી.એન.આર. સોસાયટીની કામગીરીની માહિતી આપી હતી.

આ પ્રસંગે અમેરિકા સ્થિત દાતા શ્રી પ્રફુલભાઈ શાહના વરદ હસ્તે લેપટોપ તથા સાયકલ વિતરણ કરાયું હતું. આ પ્રસંગે સંસ્થાના ફાઉન્ડર શ્રી બાબાભાઈ, ટ્રેઝરર શ્રી હર્ષકાંતભાઈ રાખશિયા, સિનિયર એકઝિક્યુટીવ શ્રી સુકેતુભાઈ શાહ ઉપસ્થિત રહ્યાં હતાં અને તેઓના હસ્તે પણ લેપટોપ વિતરણ કરાયું હતું. કાર્યક્રમનું સંચાલન શ્રી મેહુલભાઈ બુધેલિયાએ કર્યું હતું.



શ્રી મહાસુખભાઈ ઝકડિયા દ્વારા શ્રી ચેતનભાઈ રાણાનું સન્માન



શ્રી રૂપલબેન શાહ દ્વારા શ્રી પ્રવીણાબેન વાંકાણીનું સન્માન



શ્રી કિશ્નકાંતભાઈ ચિત્તલિયા દ્વારા શ્રી ભદ્રેશભાઈ જાનીનું સન્માન



શ્રી વામનભાઈ પારેખ દ્વારા શ્રી પારુલબેન હિરાણીનું સન્માન



સાધન સહાય કાર્યક્રમમાં ઉપસ્થિત મંચસ્થ મહાનુભાવો...

# ૧ થી ૩૧ જાન્યુઆરી ૨૦૨૪ સુધીના દાતાઓની યાદી

## P. N. R. SOCIETY

### 80-G

| | Rs. |
|---|---|
| Shri Kalpana Arvindbhai Ganatra - Pune | 11,000 |
| Shri Kanaiyalal B. Shah - Mumbai | 2,50,000 |
| Shri Harshaben Shivshanker Trivedi - Bhavnagar | 5,000 |
| Shri Bhadreshkumar Vasantray Jani - Bhavnagar | 2,500 |
| Shri Chetanbhai Kantilal Rana - Bhavnagar | 2,500 |
| Shri Ambikaben Tekariwal - Bhavnagar | 75,000 |
| Shri Harendrabhai B. Sanghavi - Mumbai | 10,000 |
| Shri Hitenbhai P. Dalal - Mumbai | 10,000 |
| Shri Kirtibhai B. Sanghavi - Mumbai | 10,000 |
| Shri Krishnakantbhai V. Chitaliya - Mumbai | 10,000 |
| Shri Jitendrabhai J. Mehta - Mumbai | 10,000 |
| Shri Vamanrai Vrajlal Parekh - Mumbai | 20,000 |
| Shri Mukesh Mahendraprasad Oza - Mumbai | 50,000 |
| Shri B.K.Parekh Parkinson's Disease & Movment Disorder Society - Mahuva | 66,700 |
| Shri Kinjalben Rushin Patel - Bhavnagar | 4,000 |
| Shri Bhingradiya Bhavin Kanjibhai - Bhavnagar | 5,000 |
| Shri Mitul Jaysukhlal Doshi - Mumbai | 1,00,000 |
| Shri Hetal Apurva Foundation - Mumbai | 5,000 |
| Shri Harsha Sheth - Mumbai | 5,000 |
| Shri Pradipbhai Ratilal Bhatt - Bhavnagar | 5,000 |

### FCRA

| | Rs. |
|---|---|
| PNR-USA Foundation Inc. - USA | |
| Retrofitting/Repairing Of Disabled/Handicapped | 2,88,715 |
| Cataract Operation For Poor People Corpus Donation | 2,51,594 |
| General Donation | 20,622 |
| Armann Johannsson - ISLAND | |
| General Donation | 12,40,950 |

## K. L. INSTITUTE FOR THE DEAF - TRUST

| | Rs. |
|---|---|
| Shri Twinkal Jaydeepbhai Bhadiyadra - Bhavnagar | 4,000 |
| Shri Ravindrabhai - Bhavnagar | 4,000 |
| Shri Anil P. Parekh - Mumbai | 15,000 |
| Shri Somiya S. Thakkar - Bhavnagar | 12,000 |
| Shri Ayanbhai Anandbhai Patel - Bhavnagar | 8,000 |
| Shri Vasantben Mahipatsinh Shah - Bhavnagar | 6,000 |
| Shri Maheshbhai Kishanbhai Kshirsagar - Bhavnagar | 1,000 |
| Late Laxmanbhai Kanabhai Parmar - Bhavnagar | 6,000 |
| Shri Trupti Ulhas Paymaster - Mumbai | 51,000 |
| Shri Vipan Jain & Saurabh Jain - Bhavnagar | 5,000 |
| Shri Bipin Shah - Mumbai | 25,000 |
| Shri Krishna Enterprieses - Mumbai | 1,00,000 |
| Shri Jayaben Girdharbhai Mehta - Bhavnagar | 6,000 |
| Shri Vamanrai Vrajlal Parekh - Mumbai | 9,500 |
| Shri Haren C. Shah Mumbai | 4,000 |
| Shri Mukeshbhai Oza - Mumbai | 50,000 |
| Shri Bhagchandra M. Narsingani - Pune | 10,000 |
| Shri Zeel Chetanbhai Shah - Mumbai | 11,000 |
| Shri Haren C. Shah - Mumbai | 6,000 |
| Shri Hiral V. Solanki- Bhavnagar | 1,000 |
| Late Hiraben Hariprasad Dave - Bhavnagar | 8,100 |
| Shri Bajrang Batteries - Bhavnagar | 2,500 |
| Late Kantilal Jadavji Mehta - Mumbai | 1,001 |
| Shri Mahendrakumar Uttamchand Shah - Bhavnagar | 5,000 |
| Shri Chirag Jasvantrai Parekh - Mumbai | 10,000 |
| Shri Bhavnagar Kutch Samaj - Bhavnagar | 12,000 |
| Shri Ketanbhai Patel - Bhavnagar | 6,000 |
| Dr. Shri Nupur Rishabh Shah - Bhavnagar | 1,000 |
| Late Hiraben Hariprasad Dave - Bhavnagar | 10,000 |
| Shri Kamleshkumar Gupta - Bhavnagar | 6,000 |
| Shri Jeet Mukeshbhai Mehta - Bhavnagar | 21,000 |
| Dr. Shri Rajendrabhai Jani - Ahmedabad | 2,000 |
| Shri Jayantilal Ratilal Shah - Mumbai | 7,000 |
| Shri Arunaben Kirtikumar Girdharlal Shah Jaspara Wala - Mumbai | 7,500 |
| Shri Pragnaben Deepakbhai Revantilal Shah Patan Wala - Mumbai | 7,500 |

## ANKUR SCHOOL FOR M. R. CHILDREN

COMMITMENT TO EXCELLENCE

| | Rs. |
|---|---|
| Shri Rajshree Sharadkumar Patel - Bhavnagar | 2,50,080 |
| Sheth Enterprises - Mumbai | 51,000 |
| Shri Pragna Gajendra Trivedi - Nadiyad | 50,000 |
| Shri Maleka Divecha - Bhavnagar | 25,000 |
| Shri Ruchitaben Kirankumar Jani - Bhavnagar | 16,560 |
| Shri Hiteshbhai B. Joshi Rajkot - | 15,000 |
| Shri Kananben Sanghavi - Hubbali | 11,000 |
| Sol Mobiles Private Limited - Mumbai | 11,000 |
| Shri Kananben Sanghavi - Hubbali | 6,000 |
| Shri Nehal R. Gadhavi - Bhavnagar | 5,000 |
| Hema Laboratories Pvt. Ltd. - Ahemdabad | 5,000 |
| Shri Mahendrabhai Uttemchand Shah - Bhavnagar | 5,000 |
| Shri Pankajbhai Ghetiya - Rajkot | 2,000 |
| Shri Mahendrabhai Jayantilal Shah - Bhavnagar | 2,000 |
| Shri Sareen Simmi Rajendra - Gandhinagar | 1,100 |
| Shri Dipendra Kantilal Shah - Puna | 1,100 |
| Shri Narendra Vyas - Thane | 1,000 |

## BHAVNAGAR NAVJAWAN SANGH
### V.C. Lodhawala & Pratapbhai Parekh Ployclinic

| | Rs. |
|---|---|
| Shri Kishorbhai Nagindas Bhayani - Bhavnagar | 51,000 |
| Shri Trambaklal Sunderji Kamdar - Bhavnagar | 1,51,000 |
| Shri Mahendrakumar Uttamchand Shah - Bhavnagar | 5,000 |

## ઉમદા ઉદ્દેશ સાથે સમાજ સેવામાં કાર્યરત
## શ્રી અશ્વિનભાઈ પંડયા માનદ પી.એચ.ડી.થી સન્માનિત



PNR સોસાયટીના ભૂતપૂર્વ માનદ મંત્રી અને ટ્રસ્ટી તથા શ્રી શાહ ખી.લ. બહેરાં-મૂંગા શાળાના માનદ મંત્રી શ્રી અશ્વિનભાઈ પંડયાને તેઓની સામાજિક સેવાના પ્રદાન બદલ રાજસ્થાનની યુજીસી માન્ય યુનિવર્સિટીએ **માનદ ડૉક્ટરેટ**ની પદવી એનાયત કરી છે. PNR સોસાયટીની સ્થાપના પહેલા સંસ્થા સાથે જોડાયેલા શ્રી અશ્વિનભાઈ પંડયાએ પોલિયો કરેકટીવ સર્જરી કેમ્પ અને પોલિયો નાબૂદી જેવા કાર્યક્રમ ઉપરાંત, બહેરાં-મૂંગા શાળા દ્વારા સંચાલિત કૃત્રિમ હાથ-પગના ભારતભરમાં રેકોર્ડ બ્રેક કેમ્પની કામગીરી કરી છે. બહેરાં-મૂંગા શાળાની શિક્ષણ વ્યવસ્થામાં સહયોગીઓના સહકારથી આમૂલ પરિવર્તન લાવી છેલ્લાં બે વર્ષમાં ઐતિહાસિક ૨૨ જેટલા શ્રવણમંદોને સરકારી નોકરી અપાવી છે. ગ્રામ્ય વિસ્તારની સરકારી શાળાઓને અપગ્રેડ કરવા ઉપરાંત, વિદ્યાર્થીનીઓ માટે વોશરુમ, સેનિટરી પેડ્ઝ, વોટર કુલર અને સ્પર્ધાત્મક પરીક્ષા માટેના પુસ્તકાલયો જેવી સગવડતા ઉભી કરી આપી છે. પ્રશંસા અને પબ્લિસિટીથી દૂર રહેવામાં માનતા શ્રી અશ્વિનભાઈ, ભાવનગર ઉપરાંત ગુજરાતની અનેક સંસ્થાઓ સાથે જોડાયેલા તેઓ રેલ્વેના ઉચ્ચ અધિકારી તરીકે રેલ્વેની અનેક પ્રસંશનીય કામગીરી કરી, લોકો અને કર્મચારીઓની ચાહના મેળવી ચૂકયા છે. વિવિધ સંસ્થાઓના તમામ ટ્રસ્ટીશ્રીઓએ ડૉ. અશ્વિનભાઈ પંડયાને ડૉકટરેટની માનદ ડિગ્રી પ્રાપ્ત કરવા બદલ અભિનંદન પાઠવ્યાં છે.

## ૫૮૨ દિવ્યાંગ લાભાર્થીઓને ૧૦ લાખથી વધુ રાશિની કરાય સાધન સહાય
### PNR સોસાયટીની પરંપરા મુજબ ચાર કર્મચારીઓને પણ કરાયા સન્માનિત

ભાવનગરની PNR સોસાયટી, સંચાલિત નટરાજ કોલેજ ખાતે તા. ૮ જાન્યુઆરી,`૨૪ના રોજ દિવ્યાંગ બાળકોને સાધન સહાય અર્પણ કરવાનો કાર્યક્રમ સંપન્ન થયો. ઈન્કલુઝિવ બાળકો દ્વારા પ્રાર્થના બાદ, સેક્રેટરી જનરલ શ્રી પારસભાઈ શાહ દ્વારા મહેમાનોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું.

આ પ્રસંગે રિહેબ પ્રોગ્રામ ફોર ચિલ્ડ્રન વીથ ન્યુરોલોજીકલ **ડિસ ઓર્ડર** પર શ્રી જીજ્ઞાબેન સોલંકી, ડૉ. પ્રવિણ દેશમુખ (ઓકયુ. થેરાપિસ્ટ), ડૉ. અંબર ગુપ્તા (ઓડિયોલોજીસ્ટ એન્ડ સ્પીચ થેરાપિસ્ટ) એ સ્પેશિયલ બાળકોની સારવાર અંગે સરળ અને વિષદ માહિતી આપી.

સંસ્થાની આગવી પરંપરા મુજબ સંસ્થાના માનદ મંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડે, ટ્રસ્ટી શ્રી મહાસુખભાઈ જકડિયા અને શ્રી મહેન્દ્રભાઈ પારેખના અનુદાનથી, સંસ્થાની PNR એકાઉન્ટ ઓફિસના સંનિષ્ઠ કર્મચારી શ્રી ભદ્રેશભાઈ જાનીને શ્રી મહેન્દ્રભાઈ પારેખ સ્મૃતિ એવોર્ડ; સી.પી. હોસ્ટેલના કિચનમાં કામ કરતા શ્રી પારૂલબેન હિરાણીને શ્રીમતી સ્મિતાબેન મહેન્દ્રભાઈ પારેખ સ્મૃતિ એવોર્ડ; PNR હોસ્પિટલમાં સેવા આપતા શ્રી ચેતનભાઈ રાણાને શ્રી કેતનભાઈ શાહ સ્મૃતિ એવોર્ડ અને શ્રી પ્રવીણાબેન વાંકાણીને રેખાબેન મહાસુખભાઈ જકડિયા સ્મૃતિ એવોર્ડનો મેમેન્ટો અને પુરસ્કાર આપી સન્માન કરાવ્યું હતું.

આ કાર્યક્રમમાં માલતીબેન દલાલ અને શ્યામલાલ ઠાકોરદાસ દલાલ હેન્ડિકેપ વેલ્ફેર ફાઉન્ડેશન કોર્પસ ફંડ યોજના અને નીલકમલ રીચિંગ ટુ અન રિચ્ડ કોર્પસ ફંડ અંતર્ગત, PNR સોસાયટી અને સંલગ્નિત સંસ્થાઓના ૫૮૨ દિવ્યાંગ લાભાર્થીને યુનિફોર્મ, શ્રવણ યંત્ર, સેન્ડલ, સ્વેટર, સ્પ્લીન્ટ, વોકર, યુનિફોર્મ, કીટ, રિક્ષા સહાય, ટુ વ્હિલર સાયકલ, વ્હિલચેર, સ્પીચ કીટ, એજયુ. કીટ, સેન્સરી કીટ માટે રૂા. ૧૦ લાખથી વધુની સાધન સહાય ઉપસ્થિત મહાનુભાવોના વરદ હસ્તે અર્પણ કરાય હતી. આ કાર્યક્રમમાં મુંબઈથી પધારેલા પ્રમુખ શ્રી કૃષ્ણકાંતભાઈ ચિત્તલિયા, વાઈસ ચેરમેન શ્રી વામનભાઈ પારેખ, શ્રી કીર્તિભાઈ સંઘવી, શ્રી હરેનભાઈ સંઘવી, શ્રી હિતેનભાઈ દલાલ, શ્રી જીતુભાઈ મહેતા, શ્રી પ્રકાશભાઈ દેસાઈ તથા ભાવનગરના ટ્રસ્ટી સર્વશ્રી હર્ષકાંતભાઈ રાખશિયા, શ્રી ધીરૂભાઈ ધંધુકિયા, શ્રી મહાસુખભાઈ જકડિયા, સંસ્થાના ફાઉન્ડર શ્રી બાબાભાઈ તથા શુભેચ્છકશ્રી અંબિકાબેન ટેકરીવાલ ખાસ ઉપસ્થિત રહયાં હતાં.

કાર્યક્રમનું સંચાલન સ્પે. એજયુ. શ્રી ખેવનાબેન ઓઝા દ્વારા તથા આભારવિધિ સહમંત્રી શ્રી ધીરૂભાઈ ધંધુકિયા દ્વારા કરવામાં આવી હતી.

# PNR સોસાયટી તસ્વીર સમાચાર



ડૉક્ટરેટની માનદ્ ડિગ્રી મેળવવા બદલ
શ્રી અશ્વિનભાઈ પંડ્યાનું સન્માન કરતા



શ્રી વામનભાઈ પારેખના જન્મદિવસ નિમિત્તે
VCL હોસ્પિટલ દ્વારા શુભેચ્છા ભેટ



સી.પી. સ્કૂલના વિદ્યાર્થીને લો-વિઝન કીટ વિતરણ



AT & T વિભાગની વિદ્યાર્થીનીને વ્હિલચેર વિતરણ



નાટ્યવિદ શ્રી પ્રવીણભાઈ સોલંકી સંસ્થાની મુલાકાતે



પ્રસિધ્ધ ખગોળશાસ્ત્રી શ્રી જે. જે. રાવળ સંસ્થાની મુલાકાતે




પ્રજાસત્તાક દિનની ઉજવણી




'અંકુર'માં ધારાસભ્યશ્રી દ્વારા પતંગ વિતરણ

Koshish Thi Kamyabi ◆ RNI No. GUJGUJ/2013/48176 ◆ Postel Reg. No. L2/36/RNP/BVR-414/2022-24◆ Monthly
Date of Publication : 15 February - 24 ◆ Posted at 20th of every month at BHAV.RMS ◆ Subscription Rs. 150 per year (12 Issue) ◆ Total Page : 24




Hindustan Pencils Pvt. Ltd. 510, Himalaya House, Mumbai - 400 001 Tel.: 91-22-22614505/06/07
Email: feedback@hindustanpencils com